સુવિચાર
હિંમત એટલે શું તેનો અર્થ જ એ છે કે, પરિણામની પરવા કર્યા વગર તમે કાર્યસિદ્ધિ માટે મથ્યા રહો.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૨/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

હરિૐ PENDAWALA
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯, અમરેલી, મો.89999 90099

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ મહા વદ-૪ વર્ષ : ૧૬ અંક : ૦૫૬

## લાઠી, ચલાલા, જાફરાબાદ અને રાજુલા પાલિકાની સામાન્ય ચૂંટણી

# આ દેખે જરા : સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને આજે મતદાન

**અમરેલી પાલિકાની ર અને સાવરકુંડલાની ખાલી પડેલ એક બેઠક માટે મતદાન યોજાશે**

**મતદારોમાં ઉભી થયેલ નિરાશા વચ્ચે રાજકીય પક્ષોએ ઉત્સાહ વધારવા નિષ્ફળ પ્રયાસ કર્યો**

**ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા**

**ત્રણેય રાજકીય પક્ષોનાં પદાધિકારીઓ અને આગેવાનોએ મતદારોને રીઝવવા ભારે પ્રયાસ કર્યા**

અમરેલી, તા. ૧૫
સમગ્ર રાજયમાં રાજકીય ક્ષેત્રે અગ્રેસર રહેલ અમરેલી જિલ્લાની રાજુલા, જાફરાબાદ, ચલાલા અને લાઠી પાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ અમરેલી પાલિકાની ર અને સાવરકુંડલા પાલિકાની ખાલી પડેલ ૧ બેઠક માટેનું મતદાન આવતીકાલ રવિવારે થવાનું

**અનુસંધાન પાના ૬ ઉપર**

### માનસિક બીમારીથી કંટાળીને પગલુ ભર્યુ

## ચલાલાનાં રણુજાધામ સોસાયટીમાં રહેતી પરિણીતાએ ગળાફાંસો ખાઈ લીધો

**સ્થાનિક વિસ્તારમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૫
ચલાલા ગામે મફતપ્લોટ વિસ્તારમાં આવેલ રણુજાધામ સોસાયટીમાં રહેતી પારૂલબેન પ્રકાશભાઈ ગોહિલ નામની ૨૯ વર્ષિય પરિણીતાએ પોતાની માનસિક બીમારીથી કંટાળી જઈ ગત તા. ૧૪/૨ ના સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે પોતે પોતાની મેળે ગળ ફાંસો ખાઈ લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જનેતા ઉપર ફિટકારની લાગણી

## ધારીનાં દલખાણીયા ગામેથી નવજાત શિશુ મળી આવતા અરેરાટી

**બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી**

અમરેલી, તા. ૧૫
ધારી તાલુકાના દલખાણીયા ગામે શંકરપરા વિસ્તારમાં તા. ૧૪ના સાંજના ૬ વાગ્યાના કોઈપણ સમયે એક નવ જાત શીશુ મળી આવતાં સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી તપાસ હાથ ધરતાં આ નવ જાત શીશુ કુદરતી અથવા અકુદરતી કે કોઈ દફનવીધી કરેલ નવજાત શીશુને કોઈ જનાવરે બહાર કાઢી લાવેલ હોવાનું પ્રાથમિક તપાસમાં જાહેર કરેલ છે.

જવાહર નવોદય & સૈનિક સ્કૂલ અમરેલી
ધો.5 CET માટે
ટ્યુશન - હોસ્ટેલ - અપડાઉન
લાઠી રોડ, બાયપાસ ચોકડી અમરેલી
રોહિત જોષી
Mo.94294 33031
Mo.90676 06698

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
75,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૫/૦૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુદ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

તમારા શુભ પ્રસંગો ઉજવો
સંગીત સંધ્યા, શ્રીમંત, ચૂંદડી, બર્થ-ડે, રીસેપ્શન, મેરેજ એનિવર્સરી, વિગેરે
દરેક પ્રસંગને અનુરૂપ વ્યવસ્થા
ટીપ ટોપ પ્લાઝા બેન્કવેટ હોલ
શહેરની તદ્દન મધ્યમાં ૨૦૦/૩૦૦/૫૦૦ ની કેપેસીટી ધરાવતા એસી હોલ / લાઈટ વ્યવસ્થા તેમજ તૈયાર થવા માટે રૂમ, વીઆઈપી ચેર, લીફ્ટ, ભોજન વ્યવસ્થા, ડેકોરેશન આ બધુ એક જ જગ્યાએ તો આવો આપની તારીખ વહેલી તકે બુક કરાવો.....
ટીપ ટોપ પ્લાઝા બેન્કવેટ ડાઈનીંગ
રાજકમલ ચોક, અમરેલી
મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૯૮ ૪૯૧૯૩



ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક & પોલીટ્રોમાં
આર્થ્રોસ્કોપીક સર્જરી
ગાયનેક - પ્રસુતિ
યુરોલોજી સર્જરી
જનરલ સર્જરી
લેપ્રોસ્કોપીક સર્જરી
જનરલ મેડીસીન
ક્રિટીકલ કેર
પોઈઝન સેન્ટર
આઈ.સી.યુ
એસ. આઈ. સી. યુ
ડાયાલીસીસ
શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન જનરલ હોસ્પિટલ
24 x 7 કલાક ઈમર્જન્સી સારવાર
સુવિધાઓ: કેશલેશ મેડીકલેઈમ | GSRTC-ST માન્ય | અકસ્માત સહાય યોજના | આયુષ્માન ભારત યોજના
કેરીયા રોડ
નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
હોસ્પિટલ 02792-222223, 99782 23000
ઈમરજન્સી 99782 93000

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના
લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ સ્વાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર ધિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : નિઝારભાઈ ચાવડા - ૯૭૨૬૫ ૯૨૮૭૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯
લવાજમની મુદ્દત તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૩૧-૧૨-૨૦૨૫
લવાજમ ભરો ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા - મો. નં. ૮૭૩૫૦ ૧૨૭૨૭
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

### ઉનાળાનું આગમન થાય તે પહેલા

# દામનગરમાં અપુરતા વરસાદથી કુંભનાથ તળાવનાં તળીયા દેખાયા

## સૌની યોજના અંતર્ગત તળાવ ભરવું જરૂરી

દામનગર, તા. ૧૫

દામનગર પંથકમાં ઓછા વરસાદે ખાડા ઓથી ભરાયા નહોતા. રાજયભરમાં અતિવૃષ્ટિના આંકડા વચ્ચે દામનગર પંથકમાં નહિવત વરસાદે આગોતરા આયોજન કરી સૌની યોજનાથી ચેકડેમ, તળાવ ભરવાની બાબતે બેદરકાર નેતાઓ ફોટા પડાવવામાંથી જ ઉંચા નથી આવ્યા. હજી તો ઉનાળો શરૂ થાય તે પહેલાં નદી, નાળા, ચેકડેમ, તળાવો ખાલીખમ. ચૂંટણી સમયે ફાકા ફોજદારી કરી જતા નેતાઓ ગાયબ. ચૂંટણી સમયે સૌની યોજનાઓથી તળાવ, ચેકડેમ ભરી આપવાના ગબ્બરા મારતા નેતાઓ કયાં ? અત્યારે શ્રીમંત સરકાર ગાયકવાડે બંધાવેલ શ્રી કુંભનાથ મહાદેવ મંદિર તળાવ અને ઠાંસા રોડ ચેકડેમમાં ગાયો


તસ્વીર : નટુ ભાતીયા–દામનગર

ચરી રહી છે. દરેક જીવોના કલ્યાણની વાતો કરી જનાર નેતાઓને ઓળખવાની જરૂર. ખાલીખમ તળાવો, નદી, ચેકડેમો ક્રિકેટના મેદાન જેવા કોરા ધાકોડ પડયા છે. હજી તો ઉનાળો શરૂ થવાનો છે ત્યાં તળિયા ઝાટક ચેકડેમ, તળાવોમાં ઢોર ચરી રહ્યા છે. ફોટોજીવી નેતાઓ ગાયબ જયાં ત્યાં સૌની યોજના મંજુર કરાવી હોવાનો દાવો મારતા નેતાઓએ દામનગર પંથકના તળાવો ભરવા જોઈએ. ઓછા વરસાદની જાણ નેતાઓને હોવા છતાં આગોતરૂં આયોજન કરવામાં નેતાઓ ઉણા ઉતરી રહ્યા છે.

### દહીંથરા, પાડરશીંગા અને શાખપુર સહિતનાં ગામનાં નાગરિકોમાં ખૂશીનો માહોલ

# દામનગર : અમરેલી જિલ્લાની હદ શરૂ થાય ત્યાંથી લઈને હદ પુરી થાય ત્યાં સુધીનાં માર્ગનું નવિનીકરણ શરૂ

## ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી રૂપિયા ૮ કરોડ મંજૂર થયા



તસ્વીર : નટુ ભાતીયા–દામનગર

અમરેલી, તા. ૧૫

લાઠી–દામનગરનાં ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆત બાદ મંજૂર થયેલ રૂપિયા ૮ કરોડથી દામનગર પંથકમાંથી પસાર થતાં માર્ગનું નવિનીકરણ શરૂ થતાં માર્ગનું નવિનીકરણ શરૂ થતાં શહેરીજનો ઉપરાંત દહીંથરા, પાડરશીંગા અને શાખપુર સહિતનાં ગામજનો અને વાહનચાલકોમાં ખૂશીનો માહોલ છવાયો છે.

### આવતી કાલથી સતત ૧૦ દિવસ સુધી શિવ પુરાણ કથાનુ આયોજન



# બાબરાનાં લાલકા ગામથી ૩ કિમી દૂર પથ્થરનાં જંગલમાં બિરાજમાન શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે

## શિવ ભકતોને કથા શ્રવણ અને ભોજન પ્રસાદ લેવા અનુરોધ થયો

બાબરા, તા. ૧૫

સૌરાષ્ટ્રમાં પવિત્ર પાંચાળ ભૂમિ તરીકે ઓળખાતા બાબરા તાલુકાના લાલકા ગામથી ૩ કિમી દુર વેરાન પથ્થરોના જંગલમાં આસ્થા કેન્દ્ર ગણાતા ગંગેર મહાદેવ મંદિર તેમજ ગંગા મૈયા અખંડ વીરડી ધાર્મિક જગ્યામાં આગામી તા. ૧૭ થી ૨૭ સુધી વિવિધ ધાર્મિક કાર્ય યોજવામાં આવ્યા છે.

લાલકા ગામથી દુર આવેલી આ ધાર્મિક જગ્યામાં વર્ષો પહેલા દુષ્કાળ ના સમયે પશુ પક્ષીના પાણીથી તરસી અને મૃત્યુ થવા લાગતા બ્રહ્મલીન સંત મોતીગીરીજી દ્વારા પોતાના ચીપિયા વડે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

માત્ર ત્રણ ફૂટ ઊંડાઈ ધરાવતી વીરડી ખોદી અને પશુ પક્ષીના જીવ બચાવવા સાક્ષાત ગંગામૈયા પ્રગટ કરાયા હોવાની દંતકથા સ્વરૂપે આજે પણ અખંડ વીરડીમાં જળરાશી ખુટતી નથી અને જગ્યામાં પરંપરાગત મહંતો દ્વારા પોતાની ભકિત તપશ્ચર્યાના તપોબળથી ગંગેર મહાદેવ મંદિર અને અખંડ વીરડી ગંગા મૈયાના દર્શને સૌરાષ્ટ્ર પાંચાળ સહિત દેશ દેશાવરમાંથી અનેક સેવક ભકત દર્શન માટે આવી રહ્યા છે.

ગંગેર મહાદેવ જગ્યાના મહંત ગોવિંદગીરીજી ગુરૂ લક્ષ્મણગીરીજી દ્વારા ધાર્મિક જગ્યામાં તા. ૧૭ થી ૨૭ સુધી શિવપુરાણ કથા શાસ્ત્રી આશિષપ્રસાદ જોશી જસદણ વાળા ના વ્યાસાસને થશે તા.૨૦ સવારે ૧૧ કલાકે સ્વામી આત્માનંદ સરસ્વતીજી દ્વારા દિવ્ય પ્રવચન તથા તા.૨૪ થી ૨૬ શ્રી ગંગેર મહાદેવ નુતન મંદિરમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા યજ્ઞ ના મુખ્ય આચાર્ય પદે શાસ્ત્રી ઉમંગભાઈ મંડીર વાંકિયા વાળા હોમાત્મક, પૂજા કરાવશે તા.૨૫ ના બ્રહ્મલીન મહંત અલમસ્તગીરીજી ગુરૂ બ્રીજરાજગીરીજી મહારાજની ૨૫માં નિર્વાણદિન તિથી ઉજવાશે તા.૨૧ની રાત્રે લલીતાબેન ઘોડાદ્રા તથા પ્રીતિબેન વાજા તથા તા.૨૫ની રાત્રે વિજયદાન ગઢવી શ્યામ ગઢવી મોટા ભાડિયા કચ્છ દ્વારા સંતવાણી રજુ કરવામાં આવશે.

પાંચાળ પંથકની પ્રાચીન ગંગેર મહાદેવ જગ્યામાં યોજાયેલ ધાર્મિક મહોત્સવમાં પધારવા સૌ કોઈ ભાવિકોને પધારવા ભોજન પ્રસાદ કથા શ્રવણ સહિતનો લાભ લેવા ગુરૂ મહંત લક્ષ્મણગીરીજી ગુરૂ અલમસ્તગીરીજી દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

### તસ્કરોએ રાતનાં ઉજાગરા બંધ કર્યા

# રાજુલાનાં ચારોડીયા ગામે ખેડૂતનાં રહેણાંક મકાનમાંથી ધોળે દિ'એ ચોરી

## રૂપિયા ૧.૧૦ લાખના મુદ્દામાલની ઉઠાંતરી

અમરેલી, તા. ૧૫

રાજુલા તાલુકાના ચારોડીયા ગામે નવો પ્લોટ વિસ્તારમાં રહેતા રામભાઈ હકાભાઈ ડોબરીયા નામના ૬૦ વર્ષિય વૃધ્ધ ખેડુતના રહેણાંક મકાનમા ગત તા. ૭/૨/૨૫ ના બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાથી તા. ૧૪/૨/૨૫ ના બપોરના આશરે સાડા ચારેક વાગ્યાના કોઈ પણ સમય દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી કોઈ પણ રીતે ખેડૂતના મકાનના રૂમનુ તાળુ ખોલી બીજા રૂમમા પ્રવેશી બીજા રૂમના કબાટમા રાખેલ કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦ તથા એક સોનાનો ચેઈન વજન આશરે ૮ ગ્રામ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦ ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### મહિલા અગ્રણી સોનલબેન વસાણી ચૂંટણી જંગમાં ઉતરતા

# અમરેલી જિલ્લાનાં રઘુવીર સેનાના આગેવાનો જસદણ, પાલિકાની ચૂંટણીનાં પ્રચારમાં જોડાયા

## વિશાલ સોઢા સહિતનાં આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી

અમરેલી, તા. ૧૫

જસદણ નગરપાલિકાની આગામી યોજના ચૂંટણીમાં વોર્ડ નંબર છના લોહાણા સમાજના મહિલા ઉમેદવાર શ્રીમતી સોનલબેન વસાણીના સમર્થનમાં અમરેલી જિલ્લા રઘુવીર સેનાની ટીમ ડોર ટુ ડોર પ્રચારમાં જોડાઈ અને સોનલબેન વસાણીને જંગી બહુમતીથી ચૂંટવા પ્રચારમાં જોડાયા. સર્વ સમાજને સાથે



રાખીને ચાલનાર જસદણના રઘુવંશી મહિલા આગેવાનને નગરપાલિકામાં જયારે ઉમેદવાર બનાવ્યા છે ત્યારે સમગ્ર લોહાણા સમાજ સોનલબેનને ખભે ખભા મિલાવીને પ્રચાર પ્રસારમાં જોડાયેલ છે આ તકે અમરેલી જિલ્લાના રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા, બાબરા રઘુવીર સેનાના પ્રમુખ રિષીભાઈ પ્રમોદભાઈ રૂપારેલિયા ( એડવોકેટ – નોટરી), રવિભાઈ ભિમજીયાની અને ભવ્યભાઈ ચાંદરાણી સહિતના રઘુવીર સેનાના સભ્યો જોડાયા હતાં.

### કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે

# સાવરકુંડલા પાલીકાની વોર્ડ-૩ની પેટા ચૂંટણીને લઈને પોલીસની ફલેગ માર્ચ યોજાઈ

## આજે સવારથી મતદાન પ્રક્રિયા શરૂ



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા નગરપાલિકા વોર્ડ નંબર ત્રણના એક સભ્યની ચૂંટણી સંદર્ભે આગામી તારીખ ૧૬/૨/૨૦૨૫ને રવિવારે મતદાન હોવાથી સાવરકુંડલા શહેરમાં ચૂંટણીને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સાવરકુંડલા ડિવિઝનના એ.એસ.પી. વલય વૈદ્ય આઈ.પી.એસ.ની સૂચનાથી વોર્ડ નંબર ત્રણની મુખ્ય બજારો અને માર્ગો પર સાવરકુંડલા ટાઉન, રૂરલ અને વંડા પોલીસ તેમજ બંદોબસ્તમાં આવેલ એસ.આર.પી., હોમગાર્ડ, અને જી.આર.ડી. જવાનો દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવી હતી.

### કોંગી અગ્રણી શાંતીલાલ રાણવાનો અનુરોધ

# અમરેલી જિલ્લાનાં કોંગી ઉમેદવારોને વિજયી બનાવો

અમરેલી, તા. ૧૫

જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ અને દલિત અગ્રણી શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે કે ભાજપે હવે ઈવીએમ મશીન સુધી પણ રાહ ના જોવા કોંગ્રેસના ઉમેદવારોને ડરાવવા, ધમકાવવા, ઉમેદવારી પરત ખેંચાવવા શામ, દામ, દંડ, ભેદ નીતિ અખત્યાર કરીને લોકોને, મતદારોને પણ ડરાવી દેવા લોકશાહીનું ચિર હરણ કરવાની એકદમ નીચેના સ્તરે ઉતરીને વરવું પ્રદર્શન કરી રહ્યા છે જે લોકશાહી માટે ઘાતક છે. આ પરિસ્થિતિમાં મતદારો નીડર બનીને કોંગ્રેસની તરફેણમાં જંગી મતદાન કરે તેવી જાહેર વિનંતી કરૂ છું. ખોટું કરીને ચૂંટણી જીતવા છેલ્લી કક્ષાની રાજનીતિ ભાજપ કરી રહી છે તેની ગંભીર નોંધ લઈ જનતા યોગ્ય જવાબ આપે તેવી પણ અપીલ



છે. ચલાલા, જાફરાબાદ, રાજુલા, લાઠી તથા અમરેલી, દામનગર, સા. કુંડલાની પેટા ચૂંટણી, તાલુકા પંચાયતની પેટા ચૂંટણી માં કોંગ્રેસ તરફી મતદાન કરવા અનુરોધ છે.

# બગસરાનાં ઘંટીયાણ ગામેથી કેબલ ચોરી થયાની ફરિયાદ

અમરેલી, તા. ૧૫

બગસરા તાલુકાના ઘંટીયાણ ગામે આવેલ પ્રવિણભાઈ મનસુખભાઈ સાવલીયા નામના ૪૨ વર્ષિય વેપારીના આદેશ સ્ટોન ક્રશરમાંથી ગઈ તા. ૯/૨/૨૫ ના રાત્રીના ૨:૩૦ થી સવારના ૭:૪૫ વાગ્યા દરમ્યાન (ભરડીયા)ના ગ્રાઉન્ડમાં પડેલ વેલ્ડીંગ પેટીમાં રહેલ આશરે સવા સો ફુટ કેબલ વાયર આશરે કિંમત રૂા. ૧૫૦૦૦ તથા ઘંટીયાણ ગામની ગ્રામ પંચાયતની પાણીની મોટરનો કેબલ વાયર આશરે ૮૦ ફુટ કિંમત રૂા. ૮૦૦૦ નો જેની કુલ કિંમત રૂા. ૨૩,૦૦૦ નો કેબલ વાયર કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# સેજલ ગામે ચાલતાં અન્નક્ષેત્ર અને સંતોની સેવાથી પૂ. મોરારીબાપુ પ્રભાવિત



સાવરકુંડલા તાલુકાના સેજળ મુકામે ધ્યાન સ્વામી બાપાની ચેતન સમાધિના આંગણે પરમ પૂજય મોરારીબાપુ દ્વારા દેહાણ જગ્યાઓને તેમની સેવાકીય પ્રવૃત્તિઓ બદલ તેમજ વર્ષોથી ચાલતા અનક્ષેત્ર અને સંતોની સેવાઓ ધ્યાનમાં લઈ ધ્યાન સ્વામી બાપા ચૈતન્ય સમાધિના ટ્રસ્ટના માધ્યમથી પરમ પૂજય ભોજલરામ બાપાની જગ્યા ભોજલધામને આ વર્ષે એવોર્ડ અર્પણ કરવામાં આવેલો આ એવોર્ડ અર્પણ સમારંભમાં પૂજય મોરારીબાપુના વરદ હસ્તે સાલ, માળા એવોર્ડ અર્પણ કરી સંતો મહંતની હાજરીમાં તેમજ સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહેલા. આ પ્રસંગને દિપાવવા અમરેલીથી લેઉવા પટેલ સમાજના પ્રમુખ દિનેશભાઈ ભુવા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, પ્રોફેસર જે.ડી સાવલિયા, કાળુભાઈ સુહાગીયા, ગોરધનભાઈ માંદલીયા, મૂળજીભાઈ પાનેલીયા, ગોપાલભાઈ કચ્છી, રાજુભાઈ ટીબડીયા, દિવ્યેશભાઈ તળાવીયા, ગણપતભાઈ સેંજળીયા, યુ.બી. ભંડેરી, જગદીશભાઈ સાવલિયા તેમજ રાજકોટથી સાવલિયા પરિવારના ભાઈઓ ઉપસ્થિત રહેલા અને ભોજલધામનો એવોર્ડ સ્વીકારેલો તેવું નિખિલભાઈ સાવલિયાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાનાં વરદ્‌હસ્તે

# ચિતલ અને જસવંતગઢમાં કરોડો રૂપિયાનાં વિકાસ કાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ

**લાતીબજાર, ગૌશાળા બ્રિજ સહિતનાં વિકાસ કાર્યોનું ભૂમિપૂજન**

**લાતીબજારથી સ્મશાન સુધી સહિતનાં માર્ગ માટે રૂપિયા ૫.૭૨ કરોડ મંજૂર**

**પેવર બ્લોક, ભૂગર્ભ ગટર, સ્મશાન છાપરી, પાણીની ટાંકી સહિતનાં કાર્યોનું લોકાર્પણ કરાયું**

**સમગ્ર વિધાનસભા વિસ્તારને વિકાસનાં મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં આવશે : વેકરિયા**



અમરેલી, તા. ૧૫

અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા પોતાના મતવિસ્તારના બે મહત્વના ગામ ચિત્તલ અને જશવંતગઢ ગામના વર્ષો જૂના પ્રશ્નનું નિરાકરણ લાવતા શનિવારે તેઓનાં હસ્તે અંદાજિત રૂા. ૧૦ કરોડ ૬૦ લાખ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયું છે.

ચિત્તલ–જશવંતગઢ વચ્ચેના સામાજિક અને વ્યવસાયિક વ્યવહારોના કારણે લાતી બજાર, ગૌશાળા બ્રિજ અને વોરાવાડ સ્મશાનથી જશવંતગઢ લાતીબજાર વાળો બ્રિજ તૈયાર થાય તો બંને ગામની કનેકિટવિટી વધુ સરળ થાય તેવી માંગણી હતી. ગતરોજ રૂા. ૨.૭૫ કરોડના ખર્ચે તૈયાર થનારા આ બ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

સનેડાના કારણે જગવિખ્યાત બનેલા ચિત્તલને રૂા. ૫ કરોડ ૭૨ લાખનાં ખર્ચે આર.સી.સી. રોડની ભેટ મળશે. ગામના લાતીબજાર કપિલ પેટ્રોલીયમથી સ્મશાન સુધી તેમજ લાતીબજારથી ચિત્તલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર સુધી તેમજ આરોગ્ય કેન્દ્રથી પંચાયત તેમજ ગુરૂકુળના ગેટથી રાંઢીયાના પુલ સુધી શરમાળીયા પ્લોટમાં આર.સી.સી. રોડ બનશે.

આ ઉપરાંત ચિત્તલમાં પેવર બ્લોક, ભૂગર્ભ ગટર, સ્મશાન છાપરી, ગ્રામ પંચાયત રિનોવેશન, વાસ્મો યોજના અંતર્ગત પાણીની ઉંચી ટાંકી તથા સંપ સહિત કુલ અંદાજિત રૂા. ૨ કરોડ ૨૨ લાખના કામોનું લોકાર્પણ થયું હતું.

આ પ્રસંગે તેઓએ જણાવ્યું કે, અમરેલી વિધાનસભા મતવિસ્તારના વેપારના મહત્વના કેન્દ્ર ચિત્તલને શહેરી સુવિધાઓ અપાવવા માટે આગામી દિવસોમાં પણ અનેકવિધ કામો લઈ આવવાનો અમારો નિર્ધાર છે. વિકસિત ગુજરાતમાં અમરેલી જિલ્લો વિકસિત બને એ જ મારો સંકલ્પ છે. અમરેલી વડિયા અને કુંકાવાવને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડી અને વિકસિત બનાવવામાં અમે કોઈ કસર નહીં છોડીએ.

### દરરોજ મોટી સંખ્યામાં શહેરીજનોની અવરજવર હોય

## દામનગરમાં જુની શાક માર્કેટથી અજમેરા શોપિંગ સેન્ટરનાં માર્ગ ઉપર ગટરનું ઢાંકણુ બદલો

**પાલિકાના શાસકો યોગ્ય કરે તેવી માંગ**

દામનગર, તા. ૧૫

દામનગર શહેરમાં જૂની શાકમાર્કેટથી અજમેરા શોપિંગ તરફ જતા રસ્તામાં જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનના દરવાજા પાસે ભૂગભ ગટરનું ઢાંકણ તૂટી ગયાની ફરિયાદ અનેક વખત પાલિકા તંત્રને કરાય છે લાખો રૂપિયાના ખાનગી કોન્ટ્રાકટર ચૂકવાય છે પણ પ્રાથમિક સુવિધાઓનું યોગ્ય પાલિકાના સત્તાધીશોને પોતાની ઉન્નતિ સિવાય કયાં કોઈની પીડા દેખાય છે નાની નાની સમસ્યાથી લોકો ફરિયાદ કરતા પણ બંધ થયા કારણ કાઈ પણ મળે તેમ હોય તો શાસકો ધ્યાન આપે ને ? ગટરના ઢાંકણમાં કંઈ મળે થોડું ? ખૂબ મોટી



તસ્વીર : નટુ ભાતીયા–દામનગર

સંખ્યામાં મહિલા વડીલો અને બાળકોની ચહલ પહલ ધરાવતા આ માર્ગ ઉપર જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો અન્ન પુરવઠો લેવા આવતા હોય તેમ છતાં પાલિકા એક ઢાંકણું નથી બદલી શકતી સુરત શહેરમાં ભૂગર્ભ ગટરમાં બાળક પડી જવાની તાજેતરની ઘટના ઉપરથી સત્તાધીશોએ બોધપાઠ લેવો જોઈએ ઢાંકણ બદલી જોખમ મુકત રસ્તો કરવો જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

## સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં તા. ૨૦ ફેબ્રુઆરી સુધી રજિસ્ટ્રેશન કરાવવું

અમરેલી, તા.૧૫

પૂર્વ મંત્રી અને રાજકોટ સાંસદ પરશોત્તભાઈ રૂપાલા અને મદદ ટ્રસ્ટ દ્વારા અમરેલી જિલ્લામાં સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા–૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૯.૦૦ કલાકથી અમરેલી પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય ખાતે આ સ્પર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નોંધણી કરાવવાની અંતિમ તા.૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ છે. આ વર્ષે સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં ત્રણ વય જૂથ, ૧ થી ૧૪ વર્ષ, ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના અને ૩૦ વર્ષના ઉપરના આ ત્રણ વયજૂથમાં ૧૯ કૃતિઓની સ્પર્ધા યોજાશે.

આ સપર્ધામાં સુગમ સંગીત, દુહા–છંદ–ચોપાઈ, કથક, વાંસળીવાદન, ધોળ, ગરબા, રાસ, હાલરડા, હાર્મોનિયમ (હળવુ), લોકવાર્તા, શરણાઈ, ઢોલ (લોકવાદ્ય), પ્રભાતિયા, મરશિયા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે વયજૂથની કટ ઓફ ડે ૩૧/૧૨/૨૪ ધ્યાને લેવાની રહેશે. સ્પર્ધાના નિતિનિયમો ગત વર્ષની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા મુજબ રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે મદદ કાર્યાલય, સિવિલ હાસ્પિટલની સામે, અમરેલી ખાતે ફોર્મ જરૂરી આધારો સાતે રૂબરૂ કે ટપાલ કે કુરિયર દ્વારા મોકલવાના રહેશે.

આ ફોર્મ અને અન્ય બાબતોને લગતી વધુ વિગતો માટે કાર્યાલયના સંપર્ક નંબર ૦૨૭૯૨ ૨૨૪૯૫૯ અથવા મો. ૯૯૧૩૨ ૯૮૧૦૮ (ચિરાગભાઈ)નો સંપર્ક કરવો તેમ અમરેલી મદદ કાર્યાલય દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

## અરે વાહ : લાઠી અને બાબરાનાં ૧૨ નવા પંચાયત ઘર બનાવવા ૨.૯૪ કરોડ મંજૂર

**૧૨ ગામનાં નાગરિકો વતી સરપંચે આભાર માન્યો**



અમરેલી, તા. ૧૫

લાઠી બાબરાનાં ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆતથી રાજય સરકારે લાઠીનાં ૨ અને બાબરાનાં ૧૦ ગામોમાં આવેલ પંચાયત ઘરોને નવા બનાવવા માટે રૂપિયા ૨.૯૪ કરોડની મંજૂર કરતાં ૧૨ ગામોનાં નાગરિકો વતી સરપંચોએ ધારાસભ્યનો આભાર માનેલ છે.

બાબરાનાં ફુલઝર, વાંડળિયા, ખાનપુર, ભીલડી, લોનકોટડા, ખીજડીયા, કોટડા, ગળકોટડી, ખાખરીયા અને લુણકી ગામોને નવા ગ્રામ પંચાયત ઘરનો લાભ મળશે. દરેક ગ્રામ પંચાયત માટે ૨૫ લાખ રૂપિયાની રકમ ફાળવવામાં આવશે. જયારે લાઠીના ધુણફીયા અને હાવડત ગામોને પણ નવા ગ્રામ પંચાયત ઘર મળશે અને દરેક ગામ માટે ૨૨ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪




**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















**પ્રકરણ...૨૨૧ –૧૯૬૩**

**જાને વાલે.. કભી નહીં આતે.. જાને વાલે કી યાદ.. દિલ એક મંદિર હૈ**
**હમ તેરે પ્યાર મે સારા આલમ ખો બેઠે હૈ.. તુમ કેહતે હો કે ઐસે પ્યાર**
**ઢક જા.. રાત ઠહર જા રે ચંદા, બીતેના મિલન કી બેલા.. આજ ચાંદની**
**યહાં કોઈ નહીં. તેરે મેરે સિવા. કેહતી હૈ. ઝૂમતી ગાતી હવા.. તુમ સબ**
**પ્રિય વાચક મિત્રો,**

વસંત ઋતુમાં વેલેન્ટાઈન–ડે આવે છે, જે પ્રેમનો સંદેશો લાવે છે, આજે પ્રેમ એવાસના મય થઈ ગયો છે, અને આત્મીય પ્રેમ ઓછો દેખાય છે, પણ પ્રેમની સાચી વ્યાખ્યા રજૂ કરતી ફિલ્મની આજે વાત કરીશું. કેન્સર એટલે કેન્સલએ વાત પ્રચલિત છે, આધુનિક વિજ્ઞાન ઘણા વર્ષોથી કેન્સર ને નાથવાનો પ્રયત્ન કરી રહ્યું છે, ૧૯૬૦ ના દસકમાં પણ આ ફિલ્મ કેન્સર એટલે કેન્સલ નહીંનો સંદેશ આપે છે. તે સમય કરતાં આજે કેન્સરના દર્દીઓ વધુ જોવા મળે છે, જેમાં આપણી જીવન શૈલી ભાગીદાર છે, કેન્સર એ કોઈ પણ વયમાં થતો રોગ છે, આ ફિલ્મમાં એક નાની બાળકીથી લઈ એક વૃદ્ધની સાથે નવયુવાનને કેન્સરના દર્દી બતાવાયા છે. આ ફિલ્મના નાયક રાજ કુમારને કેન્સર છે.




આજની ફિલ્મ કેન્સરની સારવારના સંદેશ સાથે એક એવી પ્રણય ત્રિકોણ કથા લઈ આવી છે, જેની કથાનું વર્ણન કરવું સરળ છે, પણ ફિલ્મની સંવેંદનાઓને સમજવી અને અનુભવવીએ અઘરી છે. પ્રેમની પરિભાષા સમજાવતી ફિલ્મ એટલે દિલ એક મંદિર.ફિલ્મનું નિર્દેશન સી વી શ્રીધરનું છે, તેઓ તામિલ અને તેલુગુ ફિલ્મના જાણીતા નિર્દેશક, નિર્માતા, સંવાદ લેખક છે, આ પેહલાની તેમની હિન્દી ફિલ્મ ભાઈ ભાઈ, અને નજરાના વધુ સફળ રહી ના હતી, પણ આ ફિલ્મમાં તેઓ દર્શકોના દિલની સંવેંદનાઓને નિચોડી લે છે. આ ફિલ્મમાં રાજેન્દ્ર કુમાર, જેને સવેદનશીલ ફિલ્મના બાદશાહ કહી શકાય તેમણે લાજવાબ અભિનય કરેલ છે, તો મીનાકુમારી, જે પોતે તેની નિજી ઝીંદગીમાં સવેદનાઓ સાથે સમાધાન કરી રહ્યા છે, તેઓ કોઈપણ ફિલ્મના સવેદનશીલ પાત્રમાં એટલા નજીક આવી જાય છે, જાણે દર્શકોને ખબર જ પડતી નથી કે તેઓ કોઈ ફિલ્મ જુવે છે, કોઈ વ્યક્તિ તેના દિલની વાત દર્શકોને કરી રહી હોય તેવો અનુભવ મીના કુમારી આવી ભૂમિકાઓમાં કરાવે છે, રાજકુમારને આજ સુધી તેની અભિનય ક્ષમતાને ઉજાગર કરવાનો મોકો મળ્યો ના હતો, તેઓએ અહી એક લાક્ષણિક અભિનય આપેલ છે. ફિલ્મની કહાની કરતાં અહી ફિલ્મના અમુક દ્રશ્યોની સાથે ફિલ્મને અનુભવવાનો પ્રયત્ન કરીયે.દિલ એક મંદિર એટલે શું ? પ્યાર કી જિસ મે હોતી હે પુજા, જેમ મદિરમાં જે દેવની પ્રતિષ્ઠા કરવામાં આવે ત્યાં બીજા કોઈ દેવની મુર્તિ સ્થાપિત થતી નથી, તેજ રીતે આપણે અગાઉ વાત થયા મુજબ, આત્મા, હૃદય અને મન સાથે મનુષ્ય જોડાયેલ છે. આત્મા જે વ્યક્તિને પસંદ કરે તેને મન દ્વારા હૃદયમાં સ્થાન મળે છે. અહી રાજેન્દ્રએ મીનાનો ભુતપૂર્વ પ્રેમી છે, બન્ને એકબીજાને ચાહે છે, પણ તે વિદેશ જતાં મીના બીજી વ્યક્તિ સાથે લગ્ન કરી લે છે, હવે રાજેન્દ્ર બીજી કોઈ યુવતી સાથે લગ્ન કરવા પણ તૈયાર નથી, કારણ કે તેના હૃદયના મદિરમાં મીના નામની યુવતીનું સ્થાપન થઈ ગયું છે. રાજેન્દ્ર એક સારો ડોકટર છે, અને તેની પાસે આ યુવતી મીના તેના પતિ રાજની કેન્સરની સારવાર માટે આવે છે. મીનાને એ ખબર નથી કે તેઓ જયાં જઈ રહ્યા છે, તે તેનો ભુતપૂર્વ પ્રેમી છે. રાજ અને મીનાની સાથે રાજેન્દ્રની માતા અચલા બેઠા છે, અને રાજેન્દ્રને એક યુવતીએ દગો આપ્યો તે વાત કહે છે, તે યુવતીને ના બોલવાના શબ્દો કહે છે, ત્યારે મીનાના હાવભાવ માત્ર ફિલ્મમાં જ અનુભવી શકાય છે, અને રાજ છે, અને જયારે રાજ સાથે તેના લગ્ન થાય છે ત્યાર થી રાજ તેના મંદિરના દિલના દેવ છે, ત્યારબાદ તે રાજેન્દ્રને મળે છે ત્યારે તે તેના માટે એક ડોકટરથી વિશેષ કાઈ જ નથી. અને રાજએ મીનાને તેના મન મંદિરની દેવી માને છે, પણ જયારે રાજને ખબર પડે છે કે રાજેન્દ્રને દગો દેનાર યુવતીએ તેની જ પત્ની, તેના દિલની દેવી મીના છે, ત્યારે તે વિચલિત થઈ જાય છે, મનોમન મીનાને નફરત કરવા લાગે છે, પણ તેને જયારે ખબર પડે છે કે, મીનાના દિલનો ભગવાન તે તેનો પતિ જ છે. તો પ્રેમ એક ત્યાગ ભાવના પર આવી જાય છે. રાજ તેની ગેરહાજરીમાં તેની દેવી જેવી પત્નીને વિધવા સ્વરૂપમાં રાખવા માંગતો નથી અને,

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

જયારે મીનાને તે યુવતીએ તેના પ્રેમી અને તેના પતિ બન્નેને દગો આપ્યો છે તેવું કહે છે, ત્યારનું મીનાનું રૂદનએ અકલ્પનીય અભિનય છે.

મીનાએ તેના પતિને તેના મન મંદિરમાં દેવ બનાવ્યા છે, તો શું મીના જયારે રાજેન્દ્રને પ્રેમ કરતી હતી ત્યારે તેને દેવતા નથી બનાવ્યો ? ના.. ત્યારે મંદિરનું નિર્માણ થતું હતું, ભારતીય સ્ત્રી ધર્મની સાક્ષીએ દેવતાનું સ્થાપન તેના દિલમાં કરે રાજ રાજેન્દ્ર અને મીનાને એક સાથે બોલાવી, બન્ને પાસેથી વચન લે છે, કે જો તેનું મૃત્યુ થાય તો રાજેન્દ્ર મીનાને પત્ની બનાવે. અને આ વાતથી રાજેન્દ્રને ઘણો આઘાત લાગે છે, મીના તેના મંદિરની પવિત્ર મુર્તિ છે, અને તે કોઈપણ સંજોગોમાં તેની મુર્તિને અપવિત્ર કરવા માંગતો નથી, જયારે, મીનાએ સીતા માતાનો ત્યાગ રામ ભગવાને કર્યો, અને તેમને ધરતીમાં સમાઈ જવાનો




વિચાર આવ્યો, તેજ ભાવનાથી અહી મીનાએ અભિનય આપેલ છે. જેનું વર્ણન શકય નથી. ફિલ્મના દરેક દ્રશ્યમાં એક લાગણી એક સર્વેંદના જોવા મળે છે, અને કોઈ પાસાણ હૃદયનો માનવી જ હશે જે આ ફિલ્મ જોઈ તેની લાગણીઓ જાગૃતના કરી શક્યો હોય.. તેવી આ ફિલ્મ યુ ટયૂબ પર જેણે ના જોઈ હોય તેણે ખાસ જોવી જોઈયે, અને પ્રેમની સાચી પરિભાષા જાણવી જોઈયે. ફિલ્મના અંતે આઘાતથી અને તેના પ્રેમને સુખ દેવા તનતોડ મેહનત કરી ઓપરેસન સફળ કરી રાજેન્દ્ર તેનો જીવ ગુમાવી દે છે, પણ રાજનું ઓપરેસન સફળ બનાવે છે. મીનાકુમારી, રાજેન્દ્ર કુમાર, અને રાજ કુમારના બેમિસાલ અભિનયથી આ ફિલ્મ યાદ કરાય છે. પ્રણય ત્રિકોણની આ ફિલ્મની પ્રેરણા લઈ આગળ જતાં ઘણી ફિલ્મો બનશે. રાજકુમારે અહી જે મૃત્યુના ડરના બદલે તેને વાસ્તવિકતા સમજી એક લાજવાબ અભિનય કરેલ છે, તે એક યાદગાર અભિનય છે. જે આગળ જતાં રાજેશખન્નાની ફિલ્મમાં જોવા મળશે.આ ફિલ્મને સફળ બનાવવામાં, આ કલાકારોના અભિનય સાથે હસરત જઈપૂરી અને શૈલેન્દ્રના લખેલ ગીતો, અને શંકર જયકિશનના મધુર સંગીતમાં રફી સાહેબ અને લતાજી, અને સુમન કલ્યાણપૂરના અને એસ જાનકી સ્વરમાં રચાયેલ તેમની કારકિર્દીના યાદગાર ગીતોનો મુખ્ય ફાળો છે. આ ફિલ્મનું યાદગાર ગીત રફી સાહેબ અને સુમનજી ના ફાળ ે ગયું છે, જાને વાલે કભી નહીં આતે જાને વાલે કી યાદ આતી હૈ.. દિલ એક મંદિર હૈ.. પ્યાર કી જિસ મે હોતી હૈ પુજા યે પ્રિતમ કા ઘર હૈ... અને લતાજીના સ્વર માં.. હમ તેરે પ્યાર મે સારા આલમ ખો બેઠે હૈ.. તુમ કેહેતે હો કે ઐસે પ્યાર કો ભૂલ જાઓ... અને રૂક જા રાત... અને રફી સાહેબના સ્વર માં.. યાદના જાયે બિતે દિનો કી.. અને યહાં કોઈ નહીં તેરે મેરે સિવા.. તો સુમનજીના સ્વરમાં આ મેરી લાડલી.. અને એસ જાનકીના સ્વર માં.. પાલન હારે રામ યાદગાર ગીતો છે. એસ જાનકીનું આ હિન્દી સિનેમામાં પ્રથમ ગીત છે, તેઓ ગાયિકારૂપે હિન્દી સિનેમામાં ૧૯૮૦ના દસકમાં પ્રચલિત થયા. તેમનો જન્મ ૨૩–૪–૩૮ના રોજ થયો હતો, અને ૧૯૯૭માં તેઓ અમર થયા. તેમની અન્ય વાતો તેમના સફળ ગીતોની ફિલ્મ સાથે કરીશું. અહી એકનાની બાળકી ઉમાનું પાત્ર, કુટ્ટી પદ્મિનીએ નિભાવ્યું છે, તેઓ આગળ જતાં તામિલ, મલયાલમ, અને તેલુગુ ફિલ્મોના મુખ્ય અભિનેત્રીરૂપે બહાર આવશે. આ ફિલ્મમાં મેહમુદ અને શોભા ખોટેની જોડીએ દર્શકોને હસાવવાનો પ્રયત્ન કરેલ છે. ફિલ્મની કથા રાજ બલદેવ રાજ અને સી વી શ્રીધરેની છે, સંવાદ અર્જુન દેવ ના છે, એ વિનસેટની સિનેમા ઓટો ગ્રાફી, થી સજેલ આ ફિલ્મને સહાયક અભિનેતા રાજકુમાર અને બેસ્ટ સંવાદ માટે અર્જુન દેવને ફિલ્મ ફેર અવોર્ડ પ્રાપ્ત થયા છે.આ ફિલ્મ ૧૯૬૩ના વર્ષની પાચવા નંબરની સફળ ફિલ્મ રહી હતી. આ ફિલ્મનું બજેટ ૫૫ લાખ હતું અને ફિલ્મે એક કરોડ ઉપરનો નફો પ્રાપ્ત કર્યો હતો. આગામી અંકમાં રાજ કુમારની ફિલ્મ અને રાજ કપૂરની સફળ ફિલ્મ સાથે મળીશું. આભાર.

# * પંચકર્મ ભાગ–૨ *

ગત સપ્તાહ આપણે પંચકર્મ એટલે શું ? તે સમજયા આજનાં લેખમાં પંચકર્મ (વમન, વિરેચન, અનુવાસન બસ્તિ, આસ્થાપન બસ્તિ, નસ્ય ) ને થોડું વિગતવાર સમજીએ.

પંચકર્મ શરીરની કુદરતી પ્રક્રિયાઓને હસ્તક્ષેપ કર્યા વિના જ દોષોને બહાર કાઢવાનું કામ કરે છે.

પંચકર્મએ બિલકુલ નૈસર્ગિક અને પ્રાકૃતિક ચિકિત્સા પધ્ધતિ છે. કુદરતી રીતે આપણા શરીરમાં જે દોષો કે મળો એકઠા થાય તે કુદરતી રીતે જ બહાર નીકળતા રહે છે. ફેફસામાં કે આમાશયમાં કફ એકઠો થાય તો શરીર એને કોઈને કોઈ રીતે મો વાટે બહાર કાઢે છે. ગળામાંથી ખેચીને ઘણા લોકો રોજ થોડો કફ બહાર કાઢતા હોય છે. નાના બાળકોને પણ કયારેક કફની ચિકણી ઉલટી થઈ જતી હોય છે. ફેફસામાં ભરેલો કફ પણ રોજે રોજ થોડો ઘણો ખાસી દ્વારા બહાર નીકળે છે.

ખાધેલા ખોરાકમાંથી છેવટે જે મળ ઉત્પન્ન થાય તેને આંતરડા ઝાડા વાટે શરીરની બહાર કાઢે છે. ચોવીસ કલાકમાં એકથી બે વાર મળ બહાર ફેકાય ત્યાં સુધી પ્રાકૃત છે. વાછૂટ કે ઓડકાર દ્વારા વાયુ પણ કુદરતી રીતે જ બહાર ફેકાય છે, આમ છતાં ઘણીવાર જોઈએ એટલા પ્રમાણમાં મળો બહાર ફેકાતા નથી અને શરીરમાં પોત પોતાના સ્થાનમાં એકઠા થતા રહે છે.


હોજરી અને આમાશયમાં કફ એકઠો થાય છે. આતારડામાં અને પકવાશયમાં વાયુ એકઠો થાય છે. મળ ાશયમાં કયારેક કબજીયાત વગેરે રોગો દ્વારા એકઠા થયેલા દોષોને શરીરના કુદરતી માર્ગેથી પોતપોતાના સ્થાનમાંથી બહાર કાઢવાની કુદરતી પ્રક્રિયા એ પંચકર્મ છે.

**વમન :–** શરીરમાં વધેલા કફ દોષને મો દ્વારા બહાર કાઢી નાખવાની ચિકિત્સાને વમન કહે છે. વધી ગયેલા કફથી હોજરીમા અગ્નિમંદ પડી જાય છે જે અનેક રોગનું કારણ બને છે. જેથી વમનથી શરીરનું શુધિકરણ થાય છે. પહેલા ૩ થી ૭ દિવસ દવાયુક્ત ઘી પીવડાવવામાં આવે છે જયારે દર્દીની ત્વચા મુલાયમ અને તૈલી થઈ જાય તથા શરીર અને મળ માંથી તૈલી વાસ આવવાની શરૂ થઈ જાય તે દિવસથી ઘી બંધ કરી એ દિવસે સાંજે દર્દી ને ભારે, ગળ્યો તેમજ ચીકણો આહાર આપવામાં આવે છે જેથી વધુમાં વધુ કફ પેદા થાય. બીજા દિવસે સવારે માલિશ–શેક કરી પેટ ભરીને શેરડી નો રસ કે દૂધ પાવામાં આવે છે. ત્યારબાદ વમન માટેની દવા પાવાથી ઉલટી દ્વારા બધો જ કફ બહાર નીકળી જાય છે. સોરાયસીસ, ચામડીના રોગો, જૂની શરદી–શ્વાસ અને પેટના હઠીલા રોગોમાં વમન જરૂરી છે.

સ્વસ્થ વ્યક્તિમાં વસંત ઋતુમાં વમન કરાવી શકાય છે. વમન એ સદ્ય પ્રાણહર ચિકિત્સા હોય અનુભવી વૈદ્યનાં સીધા નિરિક્ષણ હેઠળ થવી જરૂરી છે.

**વિરેચન :–** વધી ગયેલા પિતને ગુદાના માર્ગેથી બહાર કાઢવા વિરેચન કરાવાય છે. સામાન્ય ભાષામાં તેને રેચ કે જુલાબથી સમજી શકાય છે. પીતપ્રધાન વ્યક્તિઓમાં પિત, યકૃત ,સ્વાદુપિંડ અને નાના આંતરડામાં જમા થાય છે તેનાથી ચામડીના રોગો, તાવ, એસીડીટી વગેરે થાય છે. વિરેચનથી આ વિકૃત પિત ઓગાળીને ગુદાનાં માર્ગેથી બહાર નીકળી જાય છે. ત્યારબાદ નવું શુદ્ધ પિત બનવાનું શરૂ થઈ જવાથી રોગનું નિવારણ થાય છે. વિરેચનમાં પણ વમનની માફક ઘી પાવામાં આવે છે. ત્યારબાદ ૩ દિવસ માલિશ – શેક કરી પછીના દિવસે વિરેચન ઔષધો પાવામાં આવે છે. યોગ્ય પ્રમાણમાં પિત નીકળી ગયા બાદ દર્દીને આરામ આપવામાં આવે છે, વમન અને વિરેચન બંને પતિ ગયા પછી ૩ થી ૭ દિવસ સુધી દર્દીના પાચકાગ્નીને સુધારવા આહાર – વિહારની પરેજીનું પાલન કરવું જરૂરી હોય છે જેને સંસર્જન ક્રમ કહે છે. પાચનતંત્રનાં પિતના, લોહીના બગાડના તમામ રોગોમાં તથા ધાતુના રોગોમાં વિરેચન ધાર્યક પરિણામ આપે છે. સ્વસ્થ વ્યક્તિમાં શરદ ઋતુ માં વિરેચન કરાવી શકાય છે.

**બસ્તિ :–** મેડીકેટેડ તેલ કે તેલ–મધ યુક્ત ઉકાળાઓને દર્દીનાં આંતરડામાં ગુદા દ્વારા ચડાવીને આખાય શરીરનાં રાજા વાયુને જીતવાની ચિકિત્સાને બસ્તિ કહે છે. બસ્તિ કર્યા પછી પ્રવાહી આંતરડામાં નિશ્ચિત સમય સુધી રહેવું જોઈ તથા વાયુ અને મળ સાથે બહાર આવવું જોઈ તો જ સારૂં પરિણામ આપે છે. બસ્તિ થી આંતરડામાં સ્ત્રાવનું પ્રમાણ વધી જવાથી




ખોરાકનું પાચન સારૂં થાય છે અને તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. લકવો, સાયટિકા, સોજા, કમરનો દુખાવો, હરસ–મસા,જાતીય રોગો,સ્ત્રી રોગો,વંધ્યત્વ, આંતરડાના ચાંદા વગેરેમાં બસ્તિ ઉપયોગી થાય છે.નીરૂહ,અનુવાસન, ઉતર બસ્તિ, માત્રા બસ્તિ વગેરે બસ્તિના જુદા – જુદા પ્રકાર છે.

**નસ્ય:–** ગળાની હાસડીથી ઉપરના ભાગના તમામ રોગોને દુર કરવા નાકમાં ઔષધ યુક્ત તેલ–ઘીના ટીપાં પાડવાની કે ચૂર્ણની ફૂક મારવાની ક્રિયાને નસ્ય કહે છે. નાકમાં ચેતાતંતુનાં ઘણા છેડા ખુલતા હોઈ નાક ને મગજ નું પ્રવેશદ્વાર કહેવાય છે. નાકમાં નાખેલી દવાની સીધી અસર મગજ ઉપર થાય છે. વળી નાક એ સનતંત્ર નું મુખ્ય અંગ હોવાથી સન તંત્રનાં બધા જ રોગોમાં નસ્ય ઉપયોગી છે. નસ્યથી નાકની અંદરની ચામડી પર જામેલ મ્યુકસ દુર થાય છે અને મગજની ચેનલો સાફ થઈ મગજ ના કોષોને ઉતેજીત કરે છે, પરિણામે સમગ્ર ચેતાતંત્ર ઉપર કાબુ મેળવી શકાય છે, દર્દીના માથા, ચહેરા,ગરદન પર હુંફાળ




ા તલની માલિશ અને ઔષધિઓના વરાળીયા શેક પછી નસ્ય કરવામાં આવે છે જેથી સ્થાનિક પરિભ્રમણ વધી જવાથી ઔષધની મગજ ઉપર અસર જલ્દી થાય છે. નસ્યથી નાકમાં ગયેલ દવા મગજના જોવાના, સાંભળવાના, સ્વાદ અને ગંધ પારખવાના અને બોલવાના કેન્દ્રો ઉપર અસર કરે છે અને ત્યાંથી આગળ ચેતાતંતુઓમાં જામેલા કફને બહાર કાઢે છે.


આ દવા નાકની આંતર ત્વચા માં શોષાઈને છેક કરોડરજ્જુ સુધી પ્રસરી જાય છે, આથી ઈન્દ્રિયોની શક્તિ વધારવા તથા બેભાન વ્યક્તિને ભાનમાં લાવવા નસ્ય ચમત્કારિક પરિણામ આપે છે. માથાનો દુખાવો, આધાશીશી, સાયનસ, આંચકી, કાનની બહેરાશ, અનિંદ્રા, વાળાના રોગો, કંપવાત, તણાવમાં(ડીપ્રેસન) અકસીર છે.**રક્તમોક્ષણ:–** બગડી ગયેલા લોહીને શરીરમાંથી વિશિષ્ટ યંત્રો કે જળ ોથી દુર કરવાની ક્રિયાને રક્તમોક્ષણ કહે છે. ત્રિદોષના બગડવાથી ઉત્પન્ન આમ લોહીમાં ભળવાથી લોહી વિકૃત થાય છે જેનાથી લોહીનું દબાણ વધી જાય છે તથા જુદા–જુદા રક્ત સંબંધીરોગો થાય છે. મહર્ષિ સુશ્રુતએ શોધેલી આ ક્રિયા કદાચ જુનવાણી લાગે પરંતુ એકવાર રક્તમોક્ષણ થઈ જાય પછી દર્દી ઝડપથી સાજો થવા લાગે છે. આ ક્રિયામાં વપરાતી જળોએ પાણીમાં રહેતો એક જીવ છેટે સામાન્ય રીતે ૨૦ થી ૪૦ એમ. એલ. દોષિત લોહી પીવે છે પછી તેને છૂટી કરી રક્ત કાઢી લઈ છોડી દેવામાં આવે છે. આ સિવાય સીરીંજ અને તુંબડીથી પણ રક્તમોક્ષણ કરવામાં આવે છે. ચામડીના રોગો, સફેદ ડાઘ, શીળસ, હાઈ બી.પી..એલર્જી વગેરેમાં આ પદ્ધતિ અસરકારક પરિણામ આપે છે.એક સાથે બધા પંચકર્મો કરાવવા ઘણા અઘરા છે. જો કોઈ વ્યક્તિનો રોગ ૫–૧૦ વર્ષ જુનો હોય અને રોગ માત્ર ૧૦–૧૫ દિવસની પંચકર્મ સારવારથી સંપૂર્ણ મટી જાય તેવી આશા રાખે તોતે શકય નથી. આ માટે પંચકર્મ સારવાર વારંવાર તથા થાકયા વગર નિયમિત રીતે કરવી પડે છે એ સિવાય મટાડવાનો આગ્રહ ભૂલ ભરેલો છે.

વૈજ્ઞાનિક પરીક્ષણોથી સિદ્ધ થયું છે કે ચરબીમાં ઓગાળીને લાંબા સમય સુધી શરીરમાં રહેનારા ૧૪ જેટલા મેજર ટોકિસક અને કર્સિનોજેનિક કેમિકલ્સ, હેવી મેટલ્સ, પેસ્ટીસાઈડ તથા અન્ય હાનિકારક પ્રદુષણજન્ય કેમિકલ્સથી પંચકર્મ શરીર ને રક્ષા કવચ પૂરૂ પાડે છે. ટોકિસક તત્વ લીપીડ પેરોકસાઈડનું લેવલ ઘટાડી કોલેસ્ટેરોલનું પ્રમાણ ઘટાડે છે. પ્લેટેલેટની જમાવટનો રેશિયો ઘટાડી લીમ્ફેટીક કન્જેશનને અટકાવે છે અને ડાયસ્ટોલીક પ્રેશરને નોર્મલ કરે છે. રોગો કે વૃદ્ધાવસ્થા તરફ દોરી જતા ફ્રી રેડિકલ્સને ઘટાડી શરીરમાં ઓકિસજનનું આવા – ગમનનું પ્રમાણ વધારે છે. શરીરમાંથી ૭૦ % હાનિકારક ઝેરી તત્વોને બહાર કાઢે છે તથા ૮૦ % પ્રમાણમાં અન્ય લોકો કરતા રોગ થવાનું કે ઈન્ફેકશન લાગવાનું પ્રમાણ ઘટાડી નાખે છે.

પંચકર્મમાં વપરતા ઘી અને તેલ માં લાઈનોલિક એસિડ રહેલું હોય છે. લાઈનોલિક એસિડએ શરીરમાં કોષોની દીવાલનાં મુખ્ય બંધારણીય લિપિડ તરીકે વપરાયેલ હોઈ હાનીકારક તત્વોને ઘી અને તેલમાં ઓગાળીને સરળ તાથી બહાર કાઢવામાં મદદ મળે છે. આ ઉપરાંત ચિરયેવન અને ધાતુ પોષણએ પંચકર્મની બાય પ્રોડકટ છે.

**મર્મ બિંદુ :–** દુનિયાની સૌથી અકસીર દવા છે– જવાબદારી, જે થાકવા જ નથી દેતી.**(સાસરે વળ ાવેલ દીકરીનો બાપ)**

# * 'રમ્યા પ્રેમ' *




વિક્રમ.. ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ તારે મને બે દિવસની અંદર તારી નવી નવલકથાનાં બે કે ત્રણ પ્રકરણ લખીને મોકલવા જ પડશે... નહિતર મારેનાં છૂટકે અન્ય કોઈ લેખકને મારાં ન્યુ પેપર માટે નવલકથા લખવા કહેવું પડશે...! – ફોનને સામે છેડેથી નિશા બોલી.ફોન મુકતા વિક્રમ બોલ્યો, – આ નિશા સમજે છે શું પોતાને..? નવલકથા લખવી કંઈ રમત વાત છે. કોઈ કૃતિની રચના કરતી વખતે લેખકને પ્રસવ જેવી પીડા થાય છે.'ડોન્ટ વરી... ડાર્લિંગ..! ' મને ખબર છે કે તું કોઈ સરસ વાર્તા પ્લોટ શોધીને અફલાતૂન નવલકથા લખી જ લઈશ. હીર બોલી. પણ કોઈ સારો વાર્તા પ્લોટ મળવો તો જોઈએને..! આ વસંતઋતુમાં મારી નવી નવલકથા શરૂ થાય છે, તો આ વખતે લવસ્ટોરી લખવાનો વિચાર છે. – વિક્રમ બોલ્યો. ગ્રેટ..! – હીર બોલી. ત્યાં જ ડોરબેલ વાગી, હીર બોલી રમલી હશે...,! જા ને દરવાજો ખોલને...! રમલી ૨૫ – ૨૬ વર્ષની, પાંચ ફૂટ છ ઈંચની, તેનો ઘાટો ઘઉં વર્ણો પરંતુ ચમકતો ચહેરો, અણીયાળી કાળી આંખો અને તેના ચહેરાનો સૌથી આકર્ષક અંગ એટલે તેના ધનુષ આકારનાં હોઠ...! તેને જોઈને ઘડીભર તેને જોતું જ રહી જાય. રમલીને ઘરમાં પ્રવેશ્તા જ વિક્રમનાં મગજમાં કોઈ વિચાર ઝબુકયો.રમલીને જોઈને વિક્રમ બોલ્યો... – આ રમલીની કોઈ પ્રેમ કથા હશે ? તેના પ્રેમલગ્ન હશે ? હીર – હશે.. જ..! તું રમલીનેં પૂછી જો..! હીરે રમલીનેં પોતાની સાથે ચા પીવા બોલાવી અને વિક્રમનો લેખક તરીકેનો પરિચય આપ્યો, અને તેના જીવન વસંતની મધમધતી પ્રેમકથા વિશે જણાવવાનું કહ્યું. વિક્રમેં તેનેં જણાવ્યું કે, તું અમનેં તારી પ્રેમકથા જણાવીશ તો તેના બદલામાં અમે તને પૈસા આપશું, અને તારી કથા ખૂબ પ્રખ્યાત થઈ જશે. હું તને વચન આપું છું કે, તું ઈચ્છિસ તો હું તારૂં, નામ હુંગુપ્ત રાખીશ. મારે માત્ર તારી પાસેથી તારા વસંતસમા પ્રેમની કથા જાણવી છે. રમલી પોતાનું કામ પતાવીનેં બપોરે ચાર વાગે હીરના ઘરે આવી. હીર, વિક્રમ અને રમલી ત્રણે જણા બાલ્કનીમાં ચા લઈનેં ગોઠવાય. રમલીએ પોતાની પ્રેમકથાની વાતો શરૂ કરી. વિક્રમમેં રમલીને પૂછ્યું કે, તે જીવનમાં કયારે પ્રેમ કર્યો છે ?**રમલી :–** હા..સાહેબ..! મારો પ્રેમ તો પેલા કમળની અંદર બીડાઈ ગયેલા ભમરા જેવો છે. જેમ ભમરાને કમળની ખૂબ ચાહત હોય, તેં કમળની અંદર બેસી જાય, અને સાંજ જેમ જેમ ઢળતી જાય તેમ કમળ બીડાતું જાય, પરંતુ ભમરો કમળના પ્રેમમાં સઘળું ભાન ભૂલીને તેની બીડાવાની ગતિથી અજાણ બસ્તને ચાહ્યા જ કરે, અને એક સમયે રાત પડતા કમળ બિડાઈ જાય અને ભમરો તેની અંદર જ બિડાય જાય.સાહેબ..! મારૂં આખું નામ તો રમ્યા સોંલકી છે.! હું નાની હતી, ત્યારે મને ભણવાનો ખૂબ શોખ હતો. મારી માં લોકોના વાસણમાં જવા જતી.મા મારી બધી જ બહેનોનેં તેની સાથે લઈ કામ કરવા લઈ જતી, પણ મને ભણતી જોઈને, કોઈ દી 'મને તેની સાથે આવવાનું ના કહે. મારીમાં નેં લાગતું કે, 'હું આ છોડીને ભણવાના પૈસા ના આલુ તો કંઈ નહીં, પણ ઘર ઘરના ઠામડાં માંજવા તો નહીં લઈ જવું...! ' –રમલીએ કહ્યું.સાહેબ.. પછી સમય બદલાયો..!, હવે મારે સ્કૂલમાં ભણવા માટે ફી ભરવી પડે તેમ હતી. સ્કૂલનો ગણવેશ, ચોપડીઓ, કોપી વગેરે વિના ચાલે તેમ ના હતું. મારી મા આ બધા પૈસા મને આપી શકે તેમ નાં હતી. અને અંતેં મારી મા મને ભણાવવાનું ટાણી વાળ્યું. માં હવે મને તેની સાથે ઘરે ઘરે ઘરકામ કરવા લઈ જવા લાગી. માં કામ કરતી તેં એક સ્કૂલનાં પ્રિન્સિપાલ બહેનનું ઘર હતું. હું માં સાથે પહેલીવાર તેમના ઘરે ગઈ ત્યારે તેમણે બહેનએ મા નેં કહેલું, 'આ છોકરીનેં ભણાવનેં..! કામ કરવા શા માટે લાવે છે?' **મા એ કહ્યું :–** બહેન... બટકું રોટલાના તો ફાંફા સે... આ સોડીને કાં' થી ભણાવું..! બહેને કીધેલું કે,'આજથી હું આ છોકરીનેં રોજ ભણાવીશ..!, એ છોકરી.. ભણવું છે નેં તારે? તું કાલથી મારી પાસે બેસીનેં ભણજે..! બસ ત્યારથી મારૂં શિક્ષણ બહેનનાં ઘરે ફરી શરૂ થયું. બહેન મને રોજ ભણાવે, વાંચતા, લખતા, બોલતા, ખાતા પીતા બધુજ શીખવાડે..! એક દિવસ હું અને મારી મા બહેનના ઘરે કામ ગયા, બેલ વગાડતા એક અજાણ્યો પણ ખૂબ દેખાવડો છોકરોએ બારણું ઉઘાડીનેં મારી સામે આવીનેં ઉભો રહ્યો..! હું એક ક્ષણ મંત્રમુગ્ધ થઈનેં તેની સામે જોતી જ રહી ગઈ..! તેની ભૂરી પણ લચીલી પાણીદાર આંખો, તેના કપાળથી થઈને આંખ સુધી આવતા તેના લાંબા ચમકીલા રેશમી વાળ, સ્વેત રંગ, એક સરખી કાયા, કસાયેલું શરીર, અને પૂરો છ ઈંચનો..! તેની જોતા મારી નજર તેના પરથી દૂર જવાનું નામ જ નોહતી લેતી. તેં છોકરો એટલે કામનાના કેનવાસ પર ઈચ્છાની પીંછીથી દોરાયેલું નમણું સેંદર્યચિત્ર..! જેમ પ્રથમ નજરમાં હું તેના માટે આકર્ષિત થઈ ગયેલી તેમ, તેંણે પણ મારી પર પોતાના અધરો ટકાવી રાખ્યા. તેંની સાથેનું મારૂં પ્રથમ મિલન એટલે પાનખર પછી વસંતઋતુમાં ઝાડ પર આવતા નવા સુંદર પર્ણ અને ફૂલ. અમે લોકો રોજ એકબીજા એકધારા નિહાળતા. પરંતુ મેં કોઈવાર તેની સાથે વાત કરવાનો સાહસ નાં કર્યો.હવે બહેનને સ્કૂલના કામના ભારણથી સ્કૂલમાં ઓવરટાઈમ કરવાનો નક્કી થયો. પરંતુ મારૂ ભણતરના બગડે એટલે બહેને પોતાના દીકરાને મને ભણાવવા કહ્યું...! – રમલી. ભાવતું હતું તેં વૈદ બતાવ્યું..! – રમલી હવે તેં મને ભણાવવા લાગ્યો. હું જમીન પર બેસી જાવ તો તે મને ટેબલ – ખુરશી પર બેસાડે. તેં મારી સામે ટગરટગર જોયા કરે, અને હું પણ..! અમને બન્ને એકબીજાને પસંદ કરવા માંડયા હતા. તેની આંખમાંથી મને સ્પષ્ટ દેખાતું હતું કે, તે મારા પ્રેમમાં છે..! હવે કોઈવાર તેનો અજાણ્યો સ્પર્શ પણ મને રોમાંચિત કરી દેતો. એકવાર તે મને ભણાવતો હતો. ઘરમાં કોઈ જ ન હતું. ત્યારે, ટેબલ પરથી મારી પેન્સિલ જમીન પર પડી ગઈ..! હું પેન્સિલ લેવા ઝુકી ત્યારે, ખુરશી સાથે હું પડી..! મને સંભાળવા જતા તે પણ મારી ઉપર પડયો...! અમે એકબીજાને અતિશય નજીક આવી ગયા..! તેની નજર અને મારી નજર એકમેકમાં ઓગળી જવાની તૈયારીમાં જ હતી ત્યાં, રૂમનું બારણું ખોલ્યું..!

સામે બહેન ઉભા હતા. અમને બહેન આવી સ્થિતિમાં જોઈને ખૂબ જ આક્રોશિત થયા. મને ખૂબ ખરીખોટી સંભળ ાવી, અને પોતાના ઘરમાંથી કાઢી મૂકી...! તે ક્ષણે તે છોકરો પોતાની માને કશું જ કહી ના શકયો..! ત્યાર પછી અમે કોઈ દિવસ મળ્યા નથી. મારી મા એ મને ઘરે આવીને ખૂબ મારી..! ત્યાર પછી મારી મા એ પણ તે ઘરે માંજવા જવાનું મૂકી દીધું...! મને દુઃખ તો એ વાતનું છે કે, – તે છોકરાએ કોઈ દિવસ મારો સંપર્ક કરવાનો પણ પ્રયત્ન ન કર્યો. અને પોતાની માને સાચી પરિસ્થિતિ જાણ પણ ન કરી.! – રમલી.. રમલીની વાત સાંભળીને હીર અને વિક્રમ ઉદાસ થઈ ગયા. રમલીના ગયા પછી.. હીરે વિક્રમને કહ્યું કે, આપણે રમલી માટે કશું કરવું જોઈએ. ફરીવાર તેની પ્રેમકથાને આપણે નવો વળાંક આપવો જોઈએ. તેના જીવનમાં આવેલી આવી કોરી ધાકોર પાનખરને આપણા પ્રયત્નોના વસંતથી મહેકાવી જોઈએ.! વિક્રમેં પોતાની નવી નવલકથા 'રમ્યાપ્રેમ' ના ત્રણ પ્રકરણ લખી નિશાની બતાવ્યા. નિશા ખૂબ ખુશ થઈ અને તેની નવલકથાને આંગળીના ટચાકિયાથી પોખાણાં કર્યા. ન્યૂઝ પેપરના માલિક વસંત શાહ આ નવલકથા વાંચીને, મંત્રમુગ્ધ થયા. વસંત શાહ ખૂબ શાંત અને મિતભાષી વ્યક્તિ તેને પ્રસંગોપાત જ તે વિક્રમ સાથે વાત કરવાનું થતું. વસંત શાહ આ નવલકથા વાંચીને પોતાના જીવન સાથે સરખાવી. તેણે વિક્રમને મળીને જાણવાનો પ્રયત્ન કર્યો કે, આ કથા કોની છે..! વિક્રમેં રમલી ઉર્ફે રમ્યાની આ પ્રેમકથાને શબ્દશ : વસંત શાહ સામે મૂકી. વસંત શાહે વિક્રમને કહ્યું કે, આ નવલકથાનું પુરૂષ પાત્ર પહેલા છોકરો, બીજું કોઈ નહીં પણ તે રમલીનો પ્રેમ હું જ છું...!

રમલીએ મારા જીવનબાગમાં ખીલેલું પ્રેમનું પ્રથમ પુષ્પ છે..! પરંતુ મારી મમ્મીના વિચારોને કારણે અમે લોકો કોઈ દિવસ એકના થઈ શકયા..! વિક્રમ દ્વારા લખાયેલી 'વસંત' પ્રેમ નવલકથા ન્યૂઝ પેપરમાં ખૂબ પ્રસિદ્ધ થઈ.. વાચકોનો આ નવલકથાને લઈને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. હવે સમય હતો વિક્રમનો, રમલી માટે કશુંક કરી છૂટવાનો..! તેણે વાચકો સમક્ષ આ પ્રેમકથાના અંત વિશે લાઈવ ટેલીકાસ્ટ કરવાનું નક્કી કર્યું. એક દિવસ ઓટીટી પ્લેટફોમ પર આ 'રમ્યાપ્રેમ' નવલકથાના અંત માટે લાઈવટેલિકાસ્ટ શરૂ થયું. હાજરો વાચકોની સાથે વસંતના મમ્મી પણ આ લાઈવટેલિકાસ્ટમાં ઓનલાઈન જોડાયા હતા. રમલી અને વસંતને એકબીજાની સામે લાવી દીધા. પહેલા તો વસંત રમલીને ઓળ ખીના શકયો.

પરંતુ રમલીની નજીક આવતા.. તેં અને રમલી નજરથી એકમેકના થઈ ગયા. પગના ગોઠણીયે બેસીને તેં બોલ્યો, મને માફ કરજે રમ્યા ...! – વસંત શાહ.રમલી ચૌધાર આંસુએ વસંતને જોતી રહી..હું તને ખૂબ પ્રેમ કરૂં છું, રમ્યા..! તું હા.. કહે તો હું તારી સાથે લગ્ન કરવા ઈચ્છું છું..! તેં સમયે મારી મા સામે આપણા પ્રેમનો એકરાર કરવાની હિમ્મત મારાંમા ન હતી. પરંતુ આપણા પ્રેમની વસંતઋતુ હજી મારાંમાં જીવે છે..! રમ્યા હવે આપણા બન્નેના જીવનમાંથી પાનખર જતી રહી છે, હું ફરી તારી સાથે મુશળધાર વસંત જીવવા માંગુ છું..!' તેં જ સમયે વસંતના મમ્મી તેં લાઈવ ટેલિકાસ્ટ અંતર્ગત આવ્યા, રમલી ઉર્ફે રમ્યાની માફી માંગીને તેને પોતાની વહુ બનવા વિનંતી કરી.

# સંતસમાજ પયોધિ રમાસી, વિશ્વભાર ઘર અચલ ક્ષમાસી





પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૮૭ ૫૦૭૩૫ર (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)


બનાદાસ તુમ કહતે થે, સંગતસે ગુણ હોય, બિચ શેરડી રસરે, રસ કહીં નહીં હેય. લખે લેખ ઉત્તમ સદા, કરે બહુત વ્યાખ્યાન, તજે ન તીને કકાર બિનુ, બના દૂર ભગવાન. (કંચન, કીર્તિ, કામાદિ) સંતોની કૃપા દષ્ટિની શીતળ છાયામાં શેષ જીવન વ્યતીત થાય તેથી મોટી જીવનની સાર્થકતા શું હોઈ શકે ? અને તે પ્રભુકૃપા વિના દુર્લભ છે. તેથી એક જ પ્રભુપ્રાર્થના, અબ કછુ નાથ ન ચાહિય મેરે, દીનદયાલ અનુગ્રહ તેરે. કથામાં તેમજ યાત્રામાં અનેક જીવને સંપર્ક થાય છે. ઘણું વ્યકિતએ પિતાની જીવન કથની કહે છે. તેમાંના ઘણાં પ્રસંગે તે એટલે હૃદયદ્રાવક હેય છે કે આપણે તેમની સાથે પ્રેમ ભાવથી બોલીએ તે પણ તેમનો આધાર બની રહે છે.

‘‘પ્રેમ પરિચયકો, પહચાન બના દેતા હૈ, પ્રેમ વિરાનેકો, ગુલિસ્તાન બના દેતા હૈ.. મૈં આપ બીતી કહતા હું, ગૈરોં કી નહીં, પ્રેમ ઈન્સાન કે ભગવાન બના દેતા હૈ. કાળના પ્રભાવ પ્રમાણે ઘર ઘરની સીતાનું જીવન ધ્રુજાવી દે તેવું સાંભળવા મળે છે. સતિને સ્ત્રી પુરૂષને ભેદ નથી હોતો છતાં મર્યાદા હેય છે. આ રીતે કોઈને કોઈ પ્રકારે તન, મન, ધન કે વચનથી યથા–શકિત કથામાં કોઈપણ જીવના સુખનું નિમિત્ત બનવાને અમૂલ્ય લ્હાવો પણ મળે છે. ભગવાનના શબ્દોમાં, ‘‘વહ માનવ હી કયા જો દૂસરે કે સુખકા સાધન ન બને.

આમ તો પૂ. બાપુની અલૌકિક વાણુના પ્રભાવથી મારી જેમ અનેક છે ને અનેક પ્રકારે માર્ગદર્શન, ઉત્સાહ તેમજ પ્રેમભાવ સાથે પૂર્ણ જીવન દ્રષ્ટિ મળતી રહે છે. કેટલા લોકોનું વિધવિધ રીતે હિત થાય છે. તે તો આ લાભ પ્રાપ્ત કરનાર જેવો જ પોતાની અનુભૂતિ કહી શકે ખરેખર તે અનુભૂતિ અનુભવી જ શકાય, શબ્દોમાં વર્ણવી શકાતી નથી. આજના યુવાન ભાઈ–બહેને સુખ શાંતિની ઝંખનાથી પાશ્ચાત્ય વિચા– સંતસભા ચંદુદિશિ અમરાઈ, શ્રદ્ધા ઋતુ વસંત સમ ગાઈ । ધારાને અનુસરી રહ્યા છે તેવા સમયે તેમને સત્યની રાહ પર વાળવા પૂ. બાપુની કથામાં સુંદર સૂત્રો મળી રહે છે. જીવનમાં પ્રેમ, સાદગી તેમજ ત્યાગ સિવાય સુખ, સંતોષની પ્રાપ્તિ સાંપડવી મુશ્કેલ છે. તેના માટે પૂ. બાપુ, ગાંધીજીના શિક્ષાત્મક સૂત્રો પણ તાજા કરાવે છે.

સત્ય, અહિંસા ચોરી ન કરવી, વણ જોતુ નવ સંઘરવું, બ્રહ્મચર્યને જાતે મહેનત, કેઈ અડે ના અભડાવું, અભય સ્વદેશી સ્વાદ ત્યાગને, સર્વ ધર્મ સરખા ગણવા, એ અગિયાર મહાવ્રત સમજી, નમ્ર પણે નિત આચરવા. સંત પરમ હિતકારી, જગતમાહીં સંત પરમ હિતકારી, પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી, સદા કૃપાલું સકલ જીવન પર, હરિ સમસબદુ:ખહારી, જગતમાહીંસંત પરમ હિતકારી– ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીતજગત સે ન્યારી, બ્રહ્માનંદ સંતનકી સોબત, મિલત હૈ પ્રગટ મુરારી, જગત માહીં સંત પરમ હિતકારી. સંત સદા અતિ પ્યારે ઉધો, મોહે સંત સદા અતિ પ્યારે. મૈ સંત કે પિછે જાઉં, જહાં જહાં સંત સિધારે, સંત ચરણરજ અંગ લગાઉં, સંત મોહે પ્રાણુ પિયારે. સંત સદા અતિ પ્યારે.... જીવનના નિજ અનુભવથી, નિર્બળ, જગતથી તરછોડાયેલા અને ઠુકરાયેલા, નિરૂત્સાહી, પડી ભાંગેલા, દીનજીવો પ્રત્યે ખૂબ જ પ્રેમભાવ પ્રગટે છે. ભગવાન પણ નેત્રયજ્ઞમાં દર્દીઓને પ્રેમ આપવા કહેતા.

ધર્મ તો એક હી સચ્ચા, જગતકોપ્યાર દેવેહમ; જગતમેં દીન જન છતને, જગતમેં પદ દલિત છતને; ઉન્હેં ઉપર ઉઠાવેહમ........ જગત કો પ્યાર.... ન કોઈ વિમેં જિનકા, સદા મન રો રહા જિનકા; ઉન્હેં સુખશાંતિ દેવેહમ.......જગત કો પ્યાર.... સાહસ દે અનાથો કે, સદા ધીરજ અધીરોકો; મધુર હી બેલ બેલે હમ....જગત કો પ્યાર.... સંતસભા અનુપમ અવધ, સકલ સુમ ગલ મૂલ।

સદા જે અતિ વ્યાકુલ હૈ, જિન્હે સબ હી સતાતે હૈ; ઉન્હેં જાકર હસાવે હમ. ......... કિસકો કષ્ટ નહીં દેવે, કિસીકો દુ:ખ નહીં દેવે; સભીકો બંધુ માને હમ........... જગત કો પ્યાર.... જહાં નૈરાશ્યક. ગમ હૈ, નહીં આલસ્ય ભી કમ હૈ; વહાં આહલેક દેવે હમ.........જગત કો પ્યાર... હમારે પાસ જો કુછ હૈ, ચાહે વિદ્યા ચાહે ધન રહે દેતે ઉસે હી હમ..........જગત કો પ્યાર....જગતમેં મોહ ભર જાવે, જગતમેં શોક સરસાવે, કરે યહ ધ્યેય પૂરે હમ........જગતમેં પ્યાર....ધર્મકા સાર યહી હૈ, સત્યકા સાર વહી હૈ પરાર્થે પ્રાણ દેવે હમ..........જગતકો પ્યાર....... હમેં યદિ ધર્મ પ્યારા હૈ, હમે ભગવાન પ્યારા હૈ. બને તો પ્રેમમય હી હમ....જગત કો પ્યાર....... તુમ માને ન માને પર યહ હકીકત હૈ, પ્રેમ ઈન્સાન કી જરૂરત હૈ. શ્રી ચરણોમાં પ્રાર્થના છે, ઉદાત્ત ભાવને જીવન પર્યંત જળવાઈ રહે. ખરૂ છે કે આમ તો પ્રભુકૃપા બધા પર છે જ પરંતુ ભગવાન વેદ વ્યાસજીના કથન પ્રમાણે, ‘‘જેને પ્રભુનામ, પ્રભુપ્રસાદ અને હરિ કથામાં પ્રેમ છે તેના પર પ્રભુની મહત્ત્વની કૃપા છે.’’ ભકિતના ચાર સ્વરૂપ છે. નામ, રૂપ, લીલા અને ધામ. બાર વર્ષનો એક કલ્પ ગણાય છે તેમ સાંભળ્યું છે પરંતુ ભગવાને કહેલું, ‘‘કાશીમેં બારહ સાલ ઔર પુષ્કરમેં તીન સાલ રહના બરાબર હૈ’’ તેથી પણ ત્રણ વર્ષ માટે નિયમ વ્રત સાથે પુષ્કરમાં રહેવાનું નક્કી કરેલું. ખેર! એ સમય તે ગયે. પરંતુ જાણે કે જીવનમાં દર બાર વર્ષે એક એક સ્વરૂપની ઝાંખી પ્રભુ કૃપાથી મળતી રહી છે તેમ લાગે છે. જીવનના બાલકાંડમાં પાંચ વર્ષની ઉંમરથી સત્તર વર્ષની ઉંમર સુધી ‘‘નામસ્વરૂપ’’ના દર્શન, આધ્યાકાંડમાં ૧૭થી ર૮ સુધી ‘‘સ્વરૂપ દર્શન’’ અરણ્ય કાંડ, કિષ્કિંધા–કાંડ, સુંદરકાંડ, તેમજ લંકાકાંડમાં ર૮થી ૪૦ વર્ષની ઉંમર સુધી ‘‘ધામ દર્શન’’ (રામધામ) અને હવે જાણે ઉત્તરકાંડ પ્રભુની લીલા કથા–મૃતનું પાન કરતાં પૂ. બાપુની રામકથા દ્વારા ‘‘લીલા’’ દર્શન. સંત કહહિં ઉસ નીતિ પ્રભુ, શ્રુતિ પુરાણ મુનિ ગાવ।

મારી નિત્ય પ્રાર્થનાના શબ્દો જેમાં ભગવાને સહી કરી આપી છે અને તે પ્રમાણે ભગવાન આજ સુધી સંભાળ લેતા જ રહ્યા છે અને લેતા રહેશે. રામ રાઘવ હમારી સુધ લેના, ભુલાય નહીં દેના

વિનય તોહે બારબાર હૈ, રામ રાઘવ............ ધન ધન ભાગ હમારે પ્રભુજી! ધન ધન ભાગ હમારે. નિજ નિજ જાનિ રામ મોહિં, સંત સમાગમ દીન્હ. નાથ યથામતિ ભાખેઉ, રાખેઉ નહિં કછુ ગોય ચરિચસિંધુ રઘુનાથકર, થાહ કિ પાવૈ કોય. રામઉપાસક જે જગામહી, યહિં સમ પ્રિય તિન કહું કુછ નાહીં રઘુપતિ કૃપા યથામતિ ગાવા, મૈં યહ પાવન ચરિત સુહાવા યહ કાલિકાલ ન સાધન દૂજા, જોગ, જજ્ઞ, જપ, તપ, વ્રત, પૂજા રામહિં સુમિરિય, ગાઈય રામહિં, સંતત સુનિય રામગુણ ગ્રામહિં જાસુ પતિતપાવન બડ બાના, ગાવહિં કવિ શ્રુતિ સંત પુરાના તાહિ ભજિય મન તજિ કુટલાઈ, રામ ભજે ગતિ કેહિ નહિં પાઈ પાઈ ન ગતિ કેહિ પતિતપાવન, રામ ભજિ સુનુ શઠ મના ગણિકા અજામિલ ખ્યાધ ગીધ, ગજાદિ ખલ તારે ઘના.... જા કિ કૃપા લવલેશ તે, મતિમંદ તુલસીદાસહૂ પાયો પરમ વિશ્રામ, સમસમાન પ્રભુ નાહીં કહૂં મોસમ દીન ન દીન હિત, તુમ સમાન રઘુબીર અસ બિચારી રઘુવંશમણિ, હરહુ વિષમ ભવભીર. કામિહિં નારી પિયારી જિમી, લોભિહિં પ્રિય જિમિ દામ તિમિ રઘુનાથ નિરંતર, પ્રિય લાગહું મોહિ રામ. આ પુસ્તકમાં પૂ.શ્રીમોરારીબાપુએ આશીર્વચન લખી આપેલ છે.

# સુખની સરિતા

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


પાઠય પુસ્તકમાં ‘‘વળાવી બા આવી’’ એક કવિતા સૌએ વાંચી હશે. એક શિક્ષકે આ કાવ્ય સમજાવતાં કુટુંબનું પ્રસન્ન ચિત્ર રજૂ કર્યુ હતું. દીવાળીની રજામાં બધા ભાઈઓ બેગા થઈ આનંદ કરે છે. રજાઓ પુરી થતા કુટુંબનો મેળો વિખાય છે. સૌને પોતપોતાની નોકરી સ્થળે જવું પડે છે. કુટુંબની મુખ્ય વ્યકિતને સ્વજનોને વિદાય આપતા જે દુ:ખ થાય છે. તેનું કવિએ હદયસ્પર્શી વર્ણન કર્યુ છે. એક પછી એક સંતાનોને વળાવતા વિદાયની વ્યથા એટલી તીવ્ર બની કે બા ઘરમાં પગ મૂકી શકતા નથી. પગથિયા ઉપર જ બેસી જાય છે. કુટુંબ ભાવનાને ઉજાગર કરવું આ કાવ્ય ખરે જ વાસ્તવિક અને સરસ છે.

સંયુકત એક હવે સપનું બનતું જાય છે. પશ્ચિમના લોકો આપણી સંસ્કૃતિ પ્રત્યે અહોભાવથી જુએ છે જયાં ચાર દીવાલો સમર્પણ, પ્રેમનો યજ્ઞ ગ્રહ નિમાર્ણનું કામ કરે છે. પરિવારની દરેક વ્યકિત પોતાની રીતે લાગણીનો તતું મજબુત રીતે જોડે છે. સદભાવનાથી સૌ પરસ્પર જોડાય છે. જે સંસ્કાર સભર શ્રેષ્ઠ સમાજનું નિર્માણ થાય છે. આવી ઉમદા પરિવારો ઊંચા આદર્શ મૂલ્યો સભ્યોને વિકાસ, પ્રગતિ માટે મદદરૂપ થાય છે. નવા યુગના પ્રવાહો હવે પરિવાર ભાવનાને છિન્નભિન્ન કરવા પ્રયાસ કરે છે. ઘણા વરસો પહેલા પંજાબી લેખક ગુરૂદતની ગુંઠન નવલકથા ગુજરાતીમાં ‘કુટુંબ પરિવાર’ના નામે વાંચી હતી. અનેક સંયુકત કુટુંબને પરિવારની જે ભાવનાએ જકડી રાખ્યા છે તે સ્વાર્થ પૈસાને લીધે આન પરિવારની કડીઓ તૂટતી જોવા મળે છે. પરિવારની આથી બાન શાત માટે ગર્વ લેવા જેવા હજી અનેક પરિવારો આપણે ત્યાં છે. જયાં દાદા–દાદીમાં પૌત્ર–પૌત્રીઓને આંગળી પકડી ચાલતા શીખવાડતા હોય કસોટીનાં કાળમાં ધૈર્યથી દિવસો પસાર કરતા હોય. દુ:ખની ચડતી પડતીના ચક્રમાં એકતા, પ્રેમ સમર્પણ ભારતીય સંસ્કૃતિનું દર્શન થતું હોય. વડીલોનું સન્માન થતું હોય. સારા માઠા પ્રસંગોમાં સૌ ઉપસ્થિત રહી એકબીજાને મદદરૂપ થતા હોય. નોકરી ધંધાને લીધે સંયુકત કુટુંબ તૂટવા લાગ્યા છે. પુત્ર–પુત્રી અભ્યાસ નોકરી માટે પરદેશ જાય છે. ત્યાં પણ પરિવારને પ્રેમથી પકડી ફરી પાછા આવે છે.

સૌથી મોટી વાત એ કહેવી છે કે ભારતીય સંસ્કારનું પુષ્પ આપણે મહેંરતુ રાખવા ટેલીફોન કે અન્ય માધ્યમથી પરિવારને હુંફ મળે છે. જીવન જીવવાનું બળ મળે છે. પારિવારિક ભાવના નષ્ટ ન થાય તે માટે સંપર્ક સેતુ સતત બનતો રહે તેવા પ્રસંગોને પ્રોત્સાહન આપવું જોઈએ.અનુકૂળતા, સહિષ્ણુતા, પ્રેમભાવના લાગણીનો અભિગમ ટકી શકે તે માટે મુખ્ય પરંપરા પ્રમાણે લાગણીના સંબંધો મજબુત બનતા રહેવાથી નવી પેઢીને પ્રેરણા અને સંસ્કાર મળે છે. વતનમાં રહેવા માતા–પિતાને મળવા દોડી આવતા સંતાનો, વિશ્વાસ, શ્રધ્ધા જણાવે છે કે પરિવારનો પ્રેમ ગમે તેટલા દૂર રહેવા છતાં નષ્ટ થતો નથી. દીવાળી, હોળી જેવા ઉત્સવો સૌ સાથે મળીને ઉજવે છે. રક્ષાબંધન જેવા ઉત્સવો ભાઈ–બહેનના સંબંધો અકબંધ રાખ્યા છે હજી ઘણા યુવકો છે જે બહેનનાં લગ્ન કરીને પછી જ પરણે છે. અશકત માતા–પિતાને સાચવે છે. અસાધ્યા બીમારીમાં માતા–પિતાની સેવા કરે છે. ઘરડા મા–બાપની સેવા પુત્ર, પુત્રવધુ કરે છે. આ રાષ્ટ્રના શ્રેષ્ઠ નિર્માણ માટે સુંદર હકારાત્મક ચિત્ર છે.

પરિવાર માટે કરૂણા, સહિષ્ણુતા, ઉદારતા જોવા મળે છે. પંદરમી મેના રોજ આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ ઉજવાય છે. પરંતુ ભારતમાં આ ‘‘પરિવાર દિવસ’’ રોજ ઉજવાય છે. પ્રેમ વિશ્વાસ શ્રધ્ધા ઉપર રચાયેલું સ્વર્ગનું મંદિર એ આપણું ઘર છે. માતા–પિતાને દેવ માને છે. અતિથિ દેવો ભવ કહે છે. સંસ્કાર, સભ્યતા અને સમજથી પરિવારમાં હંમેશાં સુખ, શાંતિ અને અનુપમ આનંદ સદૈવ જોવા મળે છે. આવા પરિવારોમાં ઈશ્વર સદા ખુશ રહે છે. મંદિરોમાં દર્શન કરવા જતા હશો. કયારેક આવા સુખી પરિવારોની મુલાકાત સ્વર્ગ દર્શન જેવા લાગે છે. જીવનનું સાચું સ્વર્ગ અહીં છે. કારણ કે ખરૂં જીવન જીવવાની દષ્ટિ મળે છે.

જીવન એક સુંદર પવાસ યાત્રા છે. તે અંતિમ ઘડીએ અફસોસ યાત્રા ન બને તે માટે જાગીને જોઉ કે મારે જયાં ઉદારતા દાખવવાની હતી તે દાખવી છે ? જિંદગીમાં જેને નફરત કરી અંત સમયે ઉપયોગી થયા ? તેમને નહિ સમજી શકવાનો અફસોસ નહિ થાય ને ? જિંદગીની કેટલીક ઘટનાઓ હંમેશા યાદ રહે છે.! પ્રેમના શબ્દોની આપ–લે ન થઈ ? અંતિમ સમયે ખુશીનું હાસ્ય ચહેરા ઉપર આવે તેવું કરવા સમજણની બારી જ ખુલી રાખવી. પ્રેમ, લાગણી, સંતોષ અને સ્વીકારનો પવનને આવવા દેવો. આખરી પડાવમાં આ બધું યોગ્ય ન પણ બને. ક્ષણોને ઉમેરવા, ખુશી, પ્રસન્નતાને ઉમેરવા શાંતિનો પ્રકાશ પાથરવા પ્રેમનું રિમોટ હજી આપણા હાથમાં છે.

# *વાલીઓને વિનંતી*




– નિધિ મહેતા ‘‘ખુશી’’ અમદાવાદ

આ સમયે વાલી તરીકે તમારા વ્હાલસોયાને ટીકા નહી ટેકાની જરૂર છે. ત્યારે આપણા બાળકને અન્ય સાથે મૂલવી તેની ટીકા કરવા કરતા તેને ટેકો પૂરો પાડીએ. જીવનના દરેક તબક્કે આપણો તેનામાં વિશ્વાસ કેળવવીએ. અને વ્હાલથી એ વિશ્વાસને એની અંદર ઉછેરીએ. બાળ કનેએ અનુભૂતિ કરાવીએ કે, એના દરેક સંઘર્ષમાં એની, દરેક સફળતામાં અને નિષ્ફળતામાં પણ આપણો હાથ અને સાથ હંમેશા તેની સાથે રહેશે. બાળ કને એ વિશ્વાસ આપીએ કે જો એની સીધ્ધી કે સફળતા માટે આપણી તાળીઓ છે તો, એની દરેક નિષ્ફળતા માટે આપણો ખભો પણ છે જ. આપણો આપણા બાળક માટેનો પ્રેમ કોઈ પણ પરીક્ષા કે કોઈ પણ સ્પર્ધાના પરિણામનો મોહતાજ નથી. આપણું એના માટેનું વ્હાલ કોઈ વેપાર નથી જે કોઈ શરતોના આધારે નક્કી થાય. બાળકની અંદર આવો વિશ્વાસ ભરવાથી જીવનના કોઈપણ તબક્કે તેને પોતાને પુરવાર કરવાનો બોજ નહીં રહે. આખરે આપણું બાળ કએ જીવતું જાગતું એક વ્યક્તિત્વ છે, અસ્તિત્વ છે. એને હરતું ફરતું રોબર્ટના બનવા દઈએ. અને આપણે આપણને જે નથી મળ્યું તે બધું જ આપણી આગલી પેઢ ીને આપવામાં એટલા વ્યસ્ત ન થઈ જઈએ કે, એમાં ને એમાં આપણને આપણી આગલી પેઢ ીએ આપેલું ક્યાંક પાછળ છૂટી જાય.તો આપણને મળેલું છે એ પણ આપણી આગળની પેઢી સુધી પહોંચાડીએ. વાલી તરીકે કેળવણી આપણામાં કેળવાશે તો જ આપણે આપણી આગલી પેઢીને કેળ વી શકીશું.

તો આ બદલાતા સમયના બદલાતા સ્વરૂપને જોઈ આપણે પણ પેરેન્ટ્સ તરીકે પાવરફુલ પેરેન્ટિંગ કરીએ. ચલો વ્હાલથી વાલી બની વિચારીએ.

# ભારતીય શિક્ષણ વ્યવસ્થા હવે મૂલ્યલક્ષી શિક્ષણ સાથે નઈ તાલીમ ઈચ્છે છે

સાવ અજાણ્યુ થયું આ શિક્ષણ જગત આ પ્રાચીન મૂલ્યો સામે સળગતી સમસ્યા ઉભી રહી છે બાથ ભીડીને આ આથમતાં સૂરજ સાથે.. – પાંધીસર''કમ સે કમ આ શૈશવનાં શિક્ષણના ખાનગીકરણને રોકો એક એવું આંગણું કે જયાં મને, કોઈપણ કારણ વગર શૈશવ મળે...!! – માધવ રામાનુજ આમ તો જુની કહેવત છે કે ‘ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે’ આજની ક્ષીણ થઈ રહેલી શિક્ષણ વ્યવસ્થા જાણે માંદગીના બિછાને પડી હોય તેમ લાગ્યા વગર રહેતું નથી. હવે તો સાંભળ્યું છે કે આપણી સરકાર ખુદ શિક્ષણ વેચવા ન નીકળી હોય તેમ લઈ લો ભાઈ સીટો લઈ લો મેડીકલ, એન્જિનિયરીંગ, ફાર્મસી, કૃષિ કે કોમર્સ, સાયન્સ, આર્ટસ કે જનાંલિઝમ, ફેશન ડિઝાઈન જે માંગો તે હાજર સ્ટોકમાં સાવ કન્સેશન રેટમાં... લ્યો તો અમારી પાસેથી જ અમે તમને અને તમારાં – બાળકોને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ આપીશું ના રૂપાળા ઓઠાં હેઠળ આ સેવાને જ વ્યવસાય સમજીને બિઝનેશમેન, ઉદ્યોગપતિઓ કે કહેવાતા શિક્ષણવિદો જાણે શિક્ષણ વેચવાની હોડ લગાવે છે. અને સમાજનો આમ નાગરીક મૂક પ્રેક્ષક બની દિન–બ– દિન લૂંટાતો જાય છે. કોઈ આ આખલાને નકેલ નાખનાર આવી શિક્ષણની ધીસીપીંટી વ્યવસ્થામાંથી કયારે બહાર નીકળી શકીશું ? બાળપણ બરબાદ થતું બચાવવા કોઈ તો કૃષ્ણ આવે અને અર્જુનને સમજાવે. કે 'પાર્થને કહો હવે ચડાવે બાણ, શિક્ષણનું આમૂલ પરિવર્તન એ જ સાચું કલ્યાણ આ રીબાતું ખોડંગાતુ શિક્ષણ હવે સાચી દિશામાં ગતિ કરે તો જ આત્મગૌરવ જે ખોવાયું છે. પશ્વિમના આગોશમાં, ચાલો ફરી એ ગુરૂકુળ પરંપરાને અનુસરીએ... સાર્યા અર્થમાં આપણી તક્ષશિલા કે નાલંદાને પ્રસ્થાપિત કરી અને આપણા ગૌરવપૂર્ણ વારસાને શ્રી રવિન્દ્રનાથ ટાગોર, મનુભાઈ પંચોળી, ગીજુભાઈ બધેકા કે મહાત્મા ગાંધીજીના વિચાપથ પર આગળ વધવાનો પાકટ સમય આવી ગયો છે. અભી નહી તો કભી નહીં એ ન્યાયે આ શિક્ષણ વ્યવસ્થાને સ્વમાન સંચાલિત અને સ્વતંત્ર કરીએ 'સાચા રાષ્ટ્ર નિર્માણ માટે સ્વતંત્ર અને સાચી દ્રેષભાવ રહિત સમજણ હવે ખુબ જરૂરી છે. અંતમાં જે દેશની રાજયસત્તા શિક્ષણ પ્રત્યે ઉદાસીન હોય, તે શાસનનાં ભૂલકાઓને ઈશ્વર પણ સહાય કરતાં નથી આ બોધપાઠ પરથી પણ ઘણું સમજી શકાય છે. સમય વર્તે સાવધાન... બસ એ કુમળ ાં છોડને પૂરતો પ્રકાશ મળે તો રાષ્ટ્રીય અસ્મિતા ખુદ–બ–ખુદ સ્ફુરિત થશે અને તેના બીજાંકુરથી રાષ્ટ્રનો આ બાલ ગુલશન ખુશ્બનુની સોડમની મહેંકી ઉઠશે.– પ્રસ્તુતિ બિપીનભાઈ પાંધી

# ‘‘કામ ઘણું કપરૂ છે ‘આશિત’ બહાર નીકળવું બીબામાંથી !’’



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


## ‘સમજણ એ જ નારાયણ

‘આશિત’ હૈદરાબાદી

આપણા વડીલો દેશી ભાષામાં એક વાકય ખૂબ સરળ તા અને સહજતાથી બોલતાં : ‘ જે ઢાળા ઢળ્યા એ ઢળ્યા!’ ટૂંકમાં માણસ પોતાની જાતને જે ઢાળ ામાં, બીબામાં, નિશ્ચિત દાયરામાં કે ચોકઠામાં ઢ ાળી લે છે, બાંધી લે છે, પછી તેનાં માટે એ કોસેટો તોડીને બહાર નીકળવું અઘરૂ અને અસહય થઈ જાય છે !

માણસ જીવનભર પોતાનાં મને નકિક કરેલી ધારણાઓ, માન્યતાઓ અને માપદંડોને વળગીને રહે છે, આ ધારણાઓ જ પછી વૃતિઓ અને આદતોમાં બદલી જાય છે ! અને આ આદતો જ છેવટે માણસનો કમ્ફર્ટઝોન બની જાય છે, આ ઝોનમાંથી બહાર નીકળ વું એટલુ અઘરૂ લાગે છે કે મન પછી તેમાંથી અળગું થવું દુર હટવું કબુલતું જ નથી ! એવાં અનેક દષ્ટાંતો છે, જેમાં માણસ પોતાનાં મન અને હદયમાં દઢ થઈ ગયેલી, ઘર કરી ગયેલી પૂર્વધારણાઓને ત્યાગી નથી શકતો. તેમાંથી બહાર જ નથી નીકળી શકતો અને પરિણામે કૂપમંદુકતાનો શિકાર બની જતો હોય છે. નજર સામેથી પસાર થતી તકો પછી વેકશઈ જતી હોય છે ! આ એક પ્રકારનો ફોબિયા જ છે. જે માણસને પોતાની જાળમાં બાંધી લે છે. અજગર ભરડો લઈ લે છે. જે સરવાળે એક આજીવન કેદમાં જ પરિણમે છે. સમય પસાર થઈ જાય છે. પણ બંધનો છૂટતા નથી! ત્યારે નીતિન વડગામાની આ પરિસ્થિતિઓમાંથી સમાધાન માંગતી રચના માણીએ :

‘‘અંદર દીવો થાય એટલી
સમજણ દેજો,
અજવાળું ચોકકસ રેલાય
એટલી સમજણ દેજો
વંચાતા કાળા અક્ષરની સાથે,
કોરો કાગળ પણ વંચાય એટલી
સમજણ દેજો
ઝાકમઝોળ થતાં જગમાંયે
હરતાં–ફરતાં
આખ્યું ના અંજાય એટલી
સમજણ દેજો.
ઉછળતા દરિયામાંથી એકાદો
ખોબો
સાચુકલાં ઝિલાય એટલે
સમજણ દેજો
અંગે અંગે છંટાતા રહેતા કંઈ
રંગો
રંગ અસલ સમજાય એટલી
સમજણ દેજો.

# * હાસ્ય ધર્મથી જીવનનો આધાર છે ‘આત્મવિશ્વાસ’ની વાત કરીએ*



મયુર દવે
આચાર્યશ્રી
સરસીયા
હાઈસ્કૂલ


અમારા ગ્રુપમાં એક ભાઈને કોઈપણ કામ ચિંધો એટલે પહેલા તો એમનો લગભગ નનૈયો જ હોય પછી તો કામ કરી સફળતા મેળવીને જ આવે પરંતુ એમનામાં આત્મ વિશ્વાસનો અભાવ એ વાત ઉપરથી આજે આપણે આત્મ વિશ્વાસ જીવનનો આધાર છે એની વાત કરીએ. જીવનમાં ઘણીવાર એવો કપરો સમય આવે છે જયારે માણસનો વિશ્વાસ આત્મ વિશ્વાસ ડગમગી જાય છે. તેનું સૌથી મોટું કારણ છે આત્મ વિશ્વાસનો અભાવ અમેરિકાના લોકપ્રિય રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનનું કહેવું હતું કે પોતાના કામમાં લાગી જવું તે ચિંતા દૂર કરવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. કામ કરતા રહે તો આત્મવિશ્વાસ પણ વધશે. પ્રખ્યાત દાર્શનિક માર્કસનું કહેવું હતું કે આપણા વિચારો અનુસાર જ આપનું જીવન ઘડાય છે જો આપણા વિચાર સુખદ હશે તો આપણે સુખી રહીશું જો આપણે અસફળતા વિશે જ વિચારતાઓ રહીશું તો આપણે અસફળ થઈ જઈશું. આપણી માનસિક સ્થિતિનો પ્રભાવ આપણી શારીરિક ક્ષમતા ઉપર પણ પડે છે. આપણે દરેક સમસ્યા પ્રત્યે સકારાત્મકતા તથા આશાવાદી દ્રષ્ટિ કોણ રાખવો જોઈએ. એવી કોઈ સમસ્યા નથી જેને આપણે મહેનત, લગન, આસ્થા અને ઈશ્વરની પ્રાર્થનાથી ઉકેલી ન શકીએ જો આપણા મનમાં તથા દિલમાં કોઈ અસંતોષ કે દુ:ખ હોય તો તેને મનમાં દબાવી રાખવું ન જોઈએ. હસતા હસતા કાર્ય કરવાથી કોઈ પણ કાર્ય દીપી ઊઠે છે. ઈઝરાયેલના વડાપ્રધાન ગોલ્ડામેરે એકવાર કહ્યું હતું કે જે લોકો દિલ ખોલીને રડી નથી શકતા તેઓ દિલ ખોલીને હસી પણ નથી શકતા. આપણે દરરોજ સવારે જાગીએ તેની સાથે સંકલ્પ કરવો જોઈએ કે મારો આજનો દિવસ ખૂબ સારી રીતે વિતશે કારણ કે હું મારૂ સર્વસ્વ ઈશ્વરને સોંપી રહ્યો છું. જે લોકો હંમેશા નિરાશાવાદી વાતો જ કરતા હોય તેમનાથી દૂર રહેવું જોઈએ. અને તેમની સાથે બહુ ચર્ચા પણ ન કરવી જોઈએ. કારણકે એવા લોકો આપણા આત્મ વિશ્વાસને ઘટાડવામાં બહુ મોટી ભૂમિકા ભજવે છે. આપણે આપણા ઉજ્જવળ ભવિષ્ય માટે વિચાર તો કરવો જોઈએ પરંતુ ચિંતા ન કરવી જોઈએ. જિંદગી પ્રસન્નતા પૂર્વક હાસ્ય સભર જીવાય એ માટે હંમેશા સકારાત્મક ચિંતન કરવું જોઈએ. દરરોજ નિશ્ચિત થઈને દરેક પને આનંદપૂર્વક માણવી જોઈએ.આસ્થા એવી પ્રચંડ શક્તિ છે કે તેની સામે ડર ટકી શકતો નથી. આથી જો આપણે ભગવાનમાં સંપૂર્ણ આસ્થા રાખીએ તો ડર બહાર જતો રહેશે. ઘણા લોકો જીવનમાં કોઈ લક્ષ્ય સિદ્ધ કરી શકતા નથી કારણ કે પોતે કયાં પહોંચવું છે એ જ તેઓ જાણતા નથી. જો કોઈ કાર્યમાં સફળતા મેળવવાની પ્રબળ ઈચ્છા હોય તો તેમણે તે કામ પુરા દિલથી કરવું જોઈએ. આત્મ વિશ્વાસથી કરવું જોઈએ. જયારે માણસ સમર્પિત ભાવથી આત્મવિશ્વાસથી પોતાના કાર્યમાં ડૂબી જાય છે ત્યારે અવશ્ય સફળતા મળે જ છે. ત્યાં તો આ બધી વાત સાંભળી અમારા ગ્રૂપનો રઘુ રમકડું હસતા હસતા કે કામ કરવાની શરૂઆત કરે ત્યાં જ નકારાત્મક ભાવથી કામ શરૂ કરતા હોય છે મેં એવા પણ ઘણા દાખલા જોયા છે ભલે મારી સગાઈ કે લગ્ન નથી થયા. પણ હું ઘણાની જાનમાં ગયો છું તો વરરાજો પણ ચિંતામાં હોય તેમનામાં પણ આત્મ વિશ્વાસનો અભાવ હોય કે આપણે જાન લઈને તો જઈએ છીએ પણ ફેરા તો ફેરવશે ને ? લ્યો બોલો આમાં પણ એમને આત્મ વિશ્વાસ નથી. ત્યાં તો બધા ખડખડાત હસવા લાગ્યા. અને આત્મ વિશ્વાસના મંત્રને સૌએ સાર્થક કરવા પ્રતિજ્ઞા લીધી. હસતા રહો હસાવતા રહો.

# અમરેલીમાં સંત શિરોમણી ગુરૂ રોહીદાસ મહારાજની ૬૪૮મી જન્મજયંતી નિમિત્તે શોભાયાત્રા યોજાઈ






સૌરાષ્ટ્ર અને અમરેલી જિલ્લામાં ઈતિહાસમાં સૌપ્રથમ વખત સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિ મહાપીઠ અમરેલી જિલ્લા દ્વારા સંત શિરોમણી ગુરૂ રોહીદાસ મહારાજની ૬૪૮મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે અમરેલી શહેરના ચિતલ રોડ પરથી વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન કરવામાં આવ્યું હતું તેમજ આ કાર્યક્રમમાં સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિ મહાપીઠના જીલ્લા પ્રમુખ જીજ્ઞેશ દાફડાની આગેવાનીમાં લોકો શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા આ પ્રસંગે પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ભાણજીભાઈ બગડા ગુરૂજી, વિ હિન્દુ પરિષદ જીલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા, સંત દુદાબાપા, નલીનબાપુ, હાર્દિક ગીરી, પ્રતાપસિંહ રાઠોડ, ભીખુભાઈ અગ્રાવત, દિલીપસિંહ પરમાર, મહાદેવ ઠાકર, ડી જે મહેતા સહિત તમામ આગેવાનો સમસ્ત સમાજના આગેવાનો આ શોભાયાત્રામાં સહભાગી થયા હતા તેમજ કાર્યક્રમને સફળ બનાવવા સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિ મહાપીઠના હોદ્દેદારો શરદભાઈ મકવાણા, મધુભાઈ ચાવડા, રણજીતભાઈ વાળા, જીતુભાઈ બથવાર, લક્ષ્મણભાઈ બગડા, કેશુભાઈ ગોહિલ, નારણભાઈ મકવાણા, કિશોરભાઈ દાફડા, અજયભાઈ દાફડા, સુરેશભાઈ મયાત્રા, સુરેશભાઈ મહીડા, સુરેશભાઈ પરમાર, દિલીપભાઈ ચાવડા, ભાવેશભાઈ વાળોદરા, શરદભાઈ પરમાર, મધુભાઈ દાફડા, સુરેશભાઈ સોદરવા, શૈલેષભાઈ સોલંકી, પ્રવિણભાઈ ચોપડા, ભીખાભાઈ દાફડા સહિત તમામ હોદ્દેદારો ભારે જહેમત ઉઠાવી હતી આ શોભાયાત્રા ડો બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે ફુલહાર અર્પણ કરવામાં આવ્યાં હતાં તેમજ ત્યાં રોહીદાસ મહારાજની તૈલી ચિત્રને ફુલહાર અર્પણ કરવામાં આવ્યાં બાદ શોભાયાત્રાની પુર્ણાહુતી કરવા આવી હતી તેમ જીલ્લા ઉપપ્રમુખ મધુભાઈ ચાવડા અને લક્ષ્મણભાઈ બગડાની પત્રકાર યાદીમાં જણાવ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં જેશીંગપરામાં આવેલ

આ બનાવમાં અમરેલી જીલ્લામાં આવતીકાલે સ્થાનીક સ્વરાજયની ચૂંટણી હોય તે સબબ દારૂ–જુગારની બદી દુર કરવા તથા દારૂના વેચાણ, સંગ્રહ અને હેરફેરની ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત એ સુચના આપેલ હોય. જે અનુસંધાને અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલીના બહારપરા બીટના પ્રો.પો.સ.ઈ. આર.ડી. કુવાડીયા તથા બીટ સ્ટાફ બપોરે ૨:૩૦ કલાકે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પોલીસ ઈન્સ્પે. ડી.કે. વાઘેલાને બાતમી મળતા આ બાતમી આધારે અમરેલી જેસીંગપરા શેરી નં. ૫માં રહેતા જીતેન્દ્રભાઈ કાંતીભાઈ પટેલના રહેણાંક મકાને દરોડો પાડી અલગ–અલગ બ્રાંડની વિદેશી દારૂની બોટલ નંગ–૪૨૦ કિંમત રૂપિયા ૨,૮૩,૯૦૮નો મુદ્દામાલ અમરેલી સીટી પોલીસ ટીમ પકડી પાડી તથા આરોપી હાજર નહીં મળી આવતાં તેમને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૮૧૬ | ૯૪૦ |
| ૩ | સોયાબીન | ૭૨૧ | ૭૨૫ |
| ૪ | તુવેર | ૧૨૭૬ | ૧૩૨૭ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૯૩ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૧૬૦ | ૧૧૭૨ |
| ૩ | શિંગ મોટી | ૯૩૦ | ૧૧૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૯૫ | ૧૨૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૭૫ |
| ૬ | તલ કાળા | ૪૬૦૦ | ૪૬૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૪૮૫ | ૨૫૬૧ |
| ૮ | બાજરો | ૫૫૦ | ૫૫૦ |
| ૯ | જુવાર | ૬૧૬ | ૯૨૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૨૭ | ૭૨૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૬૧ | ૫૬૨ |
| ૧૨ | અડદ | ૮૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૯૧૦ | ૧૧૩૮ |
| ૧૪ | સફેદ ચણા | ૧૯૯૦ | ૧૯૯૦ |
| ૧૫ | તુવેર | ૧૦૮૦ | ૧૫૦૦ |
| ૧૬ | વાલ | ૧૦૦૦ | ૧૦૭૬ |
| ૧૭ | કપાસ | ૮૯૦ | ૧૪૮૦ |
| ૧૮ | એરંડા | ૧૧૮૧ | ૧૨૧૫ |
| ૧૯ | જીરૂ | ૧૨૦૦ | ૩૮૯૫ |
| ૨૦ | રાયડો | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૨૧ | ધાણા | ૯૧૦ | ૧૩૨૦ |
| ૨૨ | ધાણી | ૧૪૦૦ | ૨૨૦૦ |
| ૨૩ | સોયાબીન | ૬૫૦ | ૭૮૫ |
| ૨૪ | મરચા લાંબા | ૩૦૦ | ૩૦૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને

હોય વહીવટીતંત્ર ધ્વારા મતદાનને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. તો પોલીસ અધિક્ષક સંજય ખરાતે ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દીધેલ છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન કરવા માટે રાજકીય આગેવાનોએ રૂબરૂ અને મીડિયા મારફત અનુરોધ કરેલ છે. જો કે સ્થાનિક સંસ્થાની કામગીરીથી નિરાશ થયેલ મતદારોમાં ઉત્સાહનો કોઈ માહોલ જોવા મળતો નથી.

સ્થાનિક ચૂંટણીમાં લાઠી અને રાજુલામાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં ઉમેદવારો વચ્ચે જંગ જામેલ છે. તો ચલાલા અને જાફરાબાદ પણ ભાજપ કોંગ્રેસ ઉપરાંત અમુક બેઠકો ઉપર "આપ"એ પણ ઝુંકાવતા ત્રિપાંખિયો જંગ જામેલ છે. આગામી મંગળવારે મત ગણતરી યોજાશે.

રાજયની નગરપાલિકા અને તાલુકા પંચાયતોની સામાન્ય તથા પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયો છે. આ અન્વયે અમરેલી જિલ્લાની રાજુલા, જાફરાબાદ, ચલાલા, લાઠી, અમરેલી, સાવરકુંડલા, દામનગર નગરપાલિકા તથા બગસરા તાલુકા પંચાયતની વાઘણીયા જૂના, બાબરા તાલુકા પંચાયતની કરીયાણા અને ધારી તાલુકા પંચાયતની મીઠાપુર, ડુંગરી બેઠકોની ચૂંટણીઓનું આવતીકાલ તા. ૧૬/૨/૨૫ ના રોજ સવારથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે અને મતગણતરી તા. ૧૮/૨/૨૫ ના રોજ યોજાશે.

આગામી નગરપાલિકા અને તાલુકા પંચાયતોની સામાન્ય તથા પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણીમાં મતદારો શાંતિથી ઉત્સાહભેર ભાગ લે તે માટે થઈ વહીવટી તંત્ર દ્વારા જરૂરી તમામ પગલાં ભરી અને મતદાન તથા મતગણતરી અંગેની તમામ તૈયારીઓ પુર્ણ કરી અને દરેક મતદાન મથકો ઉપર પ્રિસાઈડિંગ આફીસર સહિતના સ્ટાફને મોકલી આપેલ છે.

આદર્શ આચારસંહિતા પાલન કરવાની સૂચના આપવામાં આવી હોય આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૧૬૩ અન્વયે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે.

મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ મોબાઈલ, સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ જેવા સાધનો સાથે લઈ જઈ શકશે નહિ કે સાથે રાખી શકશે નહિ.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૦૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૪૧ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૦ |
| ૪ | તલ કાળા | ૩૪૦૦ | – |
| ૫ | જીરૂ | ૩૫૧૦ | ૩૮૫૦ |
| ૬ | કપાસ | ૧૩૧૦ | ૧૪૬૨ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૯૦૦ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૭૫ | ૧૧૫૦ |
| ૧૨ | દેશી ચણા | ૧૩૦૦ | ૧૫૦૪ |
| ૧૩ | તુવેર | ૧૩૭૫ | ૧૫૦૪ |
| ૧૪ | તુવેર લાલ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૧૬૨૫ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૭૮૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## ઠેબી જળાશય નજીક

માર્ગને અમુક જગ્યાએ તોડી પડાયા બાદ ડામરનો કાટમાળ દૂર કરવાની તસ્દી લેવામાં આવી નથી. સિંચાઈ વિભાગનાં અધિકારીઓ વર્ષો પુરાણો માર્ગ બંધ હોય તેઓને શું કામ દૂર કરતા નથી તે સમજાતું નથી.

તદુઉપરાંત ઠેબી જળાશયની જવાબદારી એક હંગામી કર્મચારી ઉપર હોય તેમ તેનાં સિવાય કોઈ અધિકારી ઠેબી જળાશયની મુલાકાત લઈને પટાંગણની દયનીય બનેલ હાલત નિહાળતા નથી અથવા તો નિહાળીને હાલત સુધારવાનો પ્રયાસ કરતા હોય તેવું લાગતું નથી. અમરેલીનાં ધારાસભ્ય અને સાંસદે એકાદ વખત ઠેબી જળાશયની આકસ્મિક મુલાકત લેવી જોઈએ અને ઠેબી ડેમનું રંગરોગાન, સાફઈ તેમજ ઠેકઠેકાણે જોવા મળતા માટી અને કાટમાળનાં ઢગલા દૂર કરાવવાની સાથે જળાશયમાંથી એકત્ર થયેલ કાંપને દૂર કરવાની તાકીદ સિંચાઈ વિભાગને કરવી જોઈએ તેવી માંગ સૌ કરી રહ્યાં છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી | ૧૦૨૮ | ૧૦૬૨ |
| ૪ | ચણા | ૧૧૧૯ | ૧૧૪૧ |
| ૫ | જીરૂ | ૩૭૮૫ | ૩૯૨૫ |
| ૬ | ઘઉં | ૫૧૮ | ૬૭૨ |
| ૭ | તુવેર | ૧૨૧૫ | ૧૩૫૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૧ | ૧૪૧૧ |
| ૨ | મગફળી | ૭૭૧ | ૯૮૬ |
| ૩ | ઘઉં | ૫૦૭ | ૬૨૮ |
| ૪ | ચણા | ૧૧૨૬ | ૧૨૦૦ |
| ૫ | સફેદ તુવેર | ૧૦૯૦ | ૧૪૦૦ |
| ૬ | લાલ તુવેર | ૧૨૭૫ | ૧૩૦૧ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | અડદ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૯ | સોયાબીન | – | ૬૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૯૭ | ૫૯૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૦ |
| ૪ | ચણા | ૮૫૦ | ૧૦૬૬ |
| ૫ | સોયાબીન | ૫૦૫ | ૭૫૦ |
| ૬ | ધાણા | ૧૩૦૦ | ૧૩૪૫ |
| ૭ | શીંગદાણા | ૧૧૩૦ | ૧૧૬૪ |
| ૮ | મગફળી | ૫૦૦ | ૯૦૦ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ૧૦ | જીરૂ | ૨૧૦૦ | ૨૧૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## ખાંભાનાં ભાડ ગામે

હોય છે. ત્યારે ગ્રામજનોએ જણાવ્યા મુજબ ગઈ કાલે ભાડ ગામની શેરીમાં એક ગાય પાછળ શિકાર અર્થે છ સિંહ પાછળ દોડયા હતા અને ૬ સિંહનો વિડીયો સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. ત્યારે લોક મુખે ચર્ચાઈ રહ્યું છે કે ગત રાત્રે બે પશુઓનું સિંહોએ મારણ કર્યુ હતું.

ભાડ ગામમાં ૬ સિંહના આટા ફેરાનો સીસીટીવી વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો.

## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે ટીંબા ગામે આવેલ સ.નં.૪૪ પૈકીની ચો.મી.૧૮૨૫–૮૩ તથા સ.નં.૪૪ પૈકીની ચો.મી.૩૨૩૨ – ૭૫ મળી કુલ ચો.મી. ૫૦૫૮–૫૮ ઔધોગીક હેતુ માટે બીનખેતીમાં ફેરવાયેલ જમીન રેવન્યુ રેકર્ડમાં શારદાબેન મેરામભાઈ ડેરના નામથી નોંધાયેલ છે અને તેમના માલીકી હકકમાં ચાલે છે. સદરહુ જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય, સદરહું ઔધોગીક હેતુ માટેની જમીન અંગે કોઈપણ બેંક, સંસ્થા કે વ્યકિતનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ કે વાંધો હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૧૦ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીતમાં રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર રજુ થશે નહી તો સદરહું ઔધોગિક હેતુ માટે બીનખેતીમાં ફેરવાયેલ જમીન પરત્વે કોઈને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહું ઔધોગીક હેતુ માટે બીનખેતીમાં ફેરવાયેલ જમીનનો કાયદેસરનો અવેજ ચુકવી અમારા અસીલ વેચાણ દસ્તાવેજ સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર રજુ થશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તા. ૧૫/૦૨/૨૦૨૫
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩
સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી.
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા (એડવોકેટ )**

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૪૫ | ૧૪૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૮૦ | ૧૦૩૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૩ | તલ પીળા | ૨૪૬૦ | ૨૫૫૩ |
| ૪ | કપાસ | ૧૧૧૧ | ૧,૫૧ |
| ૫ | બાજરો | ૫૦૯ | ૫૮૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૬૧ |
| ૭ | જુવાર | ૮૦૦ | ૯૭૦ |
| ૮ | મકાઈ | ૪૫૩ | ૫૪૫ |
| ૯ | તુવેર | ૧૧૫૦ | ૧૪૪૧ |
| ૧૦ | ચણા | ૧૧૦૬ | ૧૧૧૩ |
| ૧૧ | અજમા | ૭૧૫ | ૭૧૫ |

# લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજય કોલેજ ખાતે સ્વાસ્થ્ય જાગૃતિ વિષે સેમિનાર યોજાયો



લીલીયા મોટા સરકારી વિનયન અને વાણીજય કાલેજ ખાતે સ્વાસ્થ્ય જાગૃતિ વિશે સેમિનારનું આયોજન કરવામાં આવેલ જેમાં સ્વાસ્થ્ય જાળવણી અને તેના આયુર્વેદીક ઉપાયો વિષે આયુર્વેદના અનુભવી અને જાણકાર શૈલેશભાઈ પંડયાએ વિદ્યાર્થી ભાઈઓ બહેનોને ખુબ વિસ્તૃત તથા ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમ કાલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ GSE Class 1 ના માર્ગદર્શન હેઠળ તા.૧૪/૨/૨૦૨૫ શુક્રવારના દિવસે અત્રેની કાલેજમાં આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન મદદનીશ અધ્યાપક ડો. પ્રકાશ પી. પરમાર દ્વારા કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમ સામુદાયિક સેવાધારા તથા NSS ના સયુંકત ઉપક્રમે યોજવામાં આવેલ હતો. કોલેજના વિદ્યાર્થીઓએ ખુબ રસપૂર્વક આ સેમિનારનો લાભ લીધો હતો અને કાલેજ પરિવારના તમામ અધ્યાપકગણ તથા નોન–ટિચિંગ સ્ટાફે આ કાર્યક્રમ સફળ બનાવવામાં સક્રિય સહભાગી થયા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલાના બંને સ્મશાનના અસ્થિ વિનામૂલ્યે હરિદ્વાર જઇને અસ્થિ વિસર્જન કરતું સાઇ શકિત યુવા ગ્રુપ





સમૂહ અસ્થિ વિસર્જન વિધિ મનુષ્યનાં અસ્થિ જેટલા દિવસ સુધી ગંગાજીનાં જલમાં રહે, તેટલા હજાર વર્ષ સુધી તે સ્વર્ગમાં નિવાસ કરે છે, આ ભાવનાથી સાંઈ શકિત સેવા ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા હરિદ્વાર મુકામે ગંગાજીમાં આપનાં સદ્‌ગત સ્વજનોનાં અસ્થિ વિસર્જન છેલ્લા ૧૪ વર્ષથી દર ૬ મહિને વિનામુલ્યે કરવામાં આવે છે. આ સેવા દીપકભાઈ ગોહિલ, હિતેષભાઈ ત્રિવેદી, કૃણાલભાઈ ચૌહાણ, દિનેશભાઈ ડાભી, યોગેશભાઈ ગોસાઈ, રમેશભાઈ ચોટલીયા, ગોપાલ વાકાણી દ્વારા કરવામાં આવે છે. આ સમગ્ર વિધિ અનિલભાઈ ખીરા દ્વારા કરવામાં આવે છે.

### જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કુલ ઓફ એકસીલેન્શ્રસનું

## અમરેલીનાં ગજેરા કૈમ્પસની વિદ્યાર્થીની જિલ્લા કક્ષાની યોગ સ્પર્ધામાં પ્રથમ સ્થાને

### સંસ્થાના પ્રમુખ વસંત ગજેરાએ શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૧૫

અમરેલી શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશકિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સીલેન્સના પ્રતિભાશાળી વિદ્યાર્થીનીએ અમરેલી જિલ્લા કક્ષાની યોગ સ્પર્ધામાં ગૌરવમય જીત હાંસલ કરી હતી.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની યોગ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો જે અમરેલી ખાતે યોજાય હતી, જેમાં સોલંકી વંદનાબેન સોમાભાઈ વિદ્યાર્થીની એ પ્રથમ સ્થાન મેળવ્યું છે, આ સિદ્ધિ અને દ્રઢ પ્રતિબદ્ધતા બદલ તે મોટા પ્રમાણમાં પ્રશંસાની હકદાર બની છે. હવે તે આગળ સૈરાષ્ટ્ર ઝોન કક્ષાએ યોગ સ્પર્ધામાં રાજકોટ મુકામે પ્રતિનિધિત્વ કરશે.વિદ્યાર્થીનીએ દ્રઢ ઈચ્છાશક્તિ, શિસ્ત અને કઠોર મહેનત દ્વારા આ સ્પર્ધામાં તેની પ્રતિભા અને ક્ષમતા દાખવી છે. આ સફળતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતી અને શાળા માટે એ ખાસ ગૌરવમય ક્ષણ છે. જેઓએ શાળા તેમજ જિલ્લાનું નામ જિલ્લા લેવલે રોશન કરેલ છે, જે શ્રેષ્ઠ શિક્ષણ સાથે રમત–ગમત ક્ષેત્રે પ્રશિક્ષણ મેળવી નેશનલ લેવલે સિદ્ધિઓ પ્રાપ્ત કરે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી તેમજ સંસ્થા પરિવાર દ્વારા ખેલાડી અને કોચને શુભેચ્છા પાઠવવામાં આવેલ.

### ધો. ૧૦ અને ૧૨નાં પરીક્ષાર્થીઓ માટે

## બાબરા : ગેલાણી વિદ્યાલયમાં માર્ગદર્શન અને મોટીવેશનલ સેમિનાર યોજાયો

### ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણી સહિતનાં શિક્ષણપ્રેમી ઉપસ્થિત રહ્યા



બાબરા, તા. ૧૫

બાબરા વી.એલ.ગેલાણી વિદ્યાસંકુલ ખાતે ધોરણ ૧૦ તેમજ ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી માટે માર્ગદર્શન તેમજ મોટીવેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવેલું જેમાં મોટીવેશનલ ચિરાગભાઈ પટેલ બાળકોને ખૂબ જ સરસ એવું માર્ગદર્શન પુરૂં પાડેલ તેમજ બોર્ડના વિદ્યાર્થીઓના મનમાં રહેલ પરીક્ષા પ્રત્યેનો ભય દૂર કર્યો સમગ્ર કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણી, આચાર્ય ઈલાબેન, મારકણા, કેમ્પસ ડાયરેકટર કુબાવત સર તેમજ સુપરવાઈઝર દયાબેન કરકર ઉપસ્થિત રહ્યા હતા.

### દર્દીનારાયણની વિના મૂલ્યે સેવા કરતી

## ટીંબીની શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલમાં રૂપિયા ૧૪ લાખનાં ખર્ચે બીલ્સ્કાન મશીન અર્પણ

### આંખનાં રોગીને વિનામુલ્યે આધુનિક સેવાનો લાભ મળશે



ટીંબી, તા. ૧૫

ભાવનગર સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબીમાં આંખ વિભાગમાં વડોદરાનાં વતની અને અમેરીકા સ્થિત પુષ્પા એન્ડ હસમુખ શાહ ફાઉન્ડેશન મારફત હસ્તે અશોકભાઈ શેઠ – વડોદરા દ્વારા પ્રાપ્ત થયેલ અનુદાન રૂપિયા ચૌદ લાખની રકમથી આંખની સોનોગ્રાફી માટે વસાવેલ બીલ્સ્કાન મશીન તા.૧૨/૨/૨૦૨૫ને બુધવારથી હોસ્પિટલનાં મેડીકલ સુપ્રિ. ડો. નટુભાઈ રાજપરા ઉપપ્રમુખ બી.એલ.રાજપરા, મંત્રી રસીકભાઈ ભીંગરાડિયા, ખજાનચી પરેશભાઈ ડોડીયા, આંખ વિભાગનાં વડા ડો. જયેશ પટેલ તથા આંખનાં ડો. કોમલમેડમની ઉપસ્થિતિમાં કાર્યશીલ કરવામાં આવેલ છે.

હાલ આપણી હોસ્પિટલમાં કોર્પોરેટ હોસ્પિટલ જેમ આંખ નિદાનનાં તમામ સાધનો ઉપલબ્ધ થઈ ગયા છે.

### ભાજપનાં શાસનમાં વિકાસ થયા ન હોય

## રાજુલા પાલિકાની ચૂંટણીમાં કોંગી ઉમેદવારોને વિજયી બનાવો : ટીકુભાઈ વરૂ

### કોંગ્રેસનાં યુવા ઉમેદવારો તરફી મતદાન કરો



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાની સૌથી ગરમ ગણાતી પાલિકાની ચૂંટણીઓમાં રાજુલા અને જાફરાબાદ પાલિકા મોખરે સ્થાને છે ત્યારે રાજુલામાં ગયા ટર્મમાં રાજુલા નગરપાલિકામાં ૧૬–૧૬ પાલિકા પ્રમુખો બદલવા પડયા છતાં રાજુલાની સ્થિતિ ત્યાંની ત્યાં જ જોવા મળી ઠેર ઠેર ગંદકી, ઉકરડા, રોડ રસ્તાઓ તુટલા, પાલિકાની સુવિધાઓ વિહોણી સોસાયટીઓ ત્રાહિમામ્ પોકારી ઉઠી પણ રાજુલા પાલિકાના સત્તાધીશ પ્રમુખોને માત્ર સત્તા ટકાવવા માટે અને ભ્રષ્ટ્રાચાર સાથે શાશન ચલાવવા સિવાય કશું કર્યુ નહિ ત્યારે રેકોર્ડ બ્રેક પાલિકા પ્રમુખો ફર્યા હોવા છતાં આજે પણ રાજુલ પાલિકાની સ્થિતિ દયનીય બની હોય ત્યારે સત્તા ભૂખ્યા પાલિકાના શાશકો આજે ભાજપમાં ઉમેદવાર બનીને ફરી રાજુલાની જનતાને પારાવાર પરેશાની આપવા ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે ત્યારે કોંગ્રેસ દ્વારા નિષ્પક્ષ, નિષ્કલંક ઉમેદવારો ગોતીને રાજુલા પાલિકામાં સુખનો સૂરજ ઉગે તેવા ઉમેદવારો કોંગ્રેસ પક્ષ દ્વારા રાખવામાં આવ્યાં છે ત્યારે વિધાનસભાના પૂર્વ નેટ વિપક્ષ પરેશ ધાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત અને રાજુલા જાફરાબાદના એકલવીર યોદ્ધા ટીકુભાઈ વરૂ દ્વારા આગામી પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવારો પર મતદાન કરવાની અપીલ ટીકુભાઈ વરૂ દ્વારા કરવામાં આવી છે.

## અમરેલી જિલ્લાની તમામ કોર્ટોમાં તા. ૦૮ માર્ચનાં રોજ યોજાશે નેશનલ લોક અદાલત

અમરેલી, તા. ૧૫

તારીખ ૮મી માર્ચ, ૨૦૨૫, શનિવારના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત અમરેલી તેમજ જિલ્લાના દરેક તાલુકાની કોર્ટોમાં રાષ્ટ્રીય અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોકઅદાલતનો લાભ મહત્તમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજયના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક તથા ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિને જરૂરી માર્ગદર્શન આપેલ છે.

આ લોક અદાલતમાં રાજયના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા, ચેક પરતને લાગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિકને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારના સમાધાન લાયક કેસો સમાધાન માટે મૂકી શકાય છે.

આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટમાં કાનૂની સેવા સત્તા મંડળની ઓફિસનો સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજય કાનૂની સેવા સત્તા મંડળની વેબસાઈટનો સંપર્ક કરવા આથી અમરેલી જિલ્લાની તમામ જાહેર જનતા તથા તમામ પક્ષકારોને જણાવવામાં આવે છે.




## મચ્છુ માતાજીનાં આંગણે ગોપાલક સમાજ દ્વારા ઐતિહાસીક સમૂહલગ્ન યોજાયા



સાવરકુંડલા, તા. ૧૫

સમાજમાં ગરીબ, મધ્યમ લોકોને જાકમજાળ લગ્ન પોસાય તેમ નથી તેને માટે સમાજ શ્રેષ્ઠીઓ આગળ આવી સમૂહ લગ્નની હિમાયત કરે છે, તો હવે દરેક જ્ઞાતિ પોતાની જ્ઞાતિ પૂરતા મર્યાદિત સમૂહ લગ્ન કરે જ છે, આ પહેલની જયોત એટલી પ્રગટી છે કે હવે તો નાનામાં નાની જ્ઞાતિ પણ જબરજસ્ત એકતા કરી એકસ્ટ્રાઓર્ડિનરી લગ્ન કરી સમાજની દીકરીને પોતાની દીકરી ગણી ઉદાર હાથે ફાળો આપી અસંખ્ય વસ્તુઓ કરિયાવરમાં આપે છે અને આખા ઘરનું રાસ રચીલું આપે છે, સોના, ચાંદીનાં ઘરેણાં પણ આપે છે, આથી ગરીબ, મધ્યમ વર્ગ સમૂહ લગ્ન તરફ વળ્યા છે, તેના કારણે સમાજની એકતા વધે છે અને મેળાવડો થાય છે, તેમાં ભરવાડ (ગોપાલક) સમાજ પણ સમૂહ લગ્ન કરે છે, તેના કલરફુલ લગ્ન જોવા જેવા હોય છે તેનો પહેરવેશ કલરફૂલ હોય છે, વરરાજા પાઘડી, ચોયણી, કેડિયું, બંડી, ભરત ભરેલ તલવાર હોય ને પગમાં મોજડી હોય, તો કન્યા પણ મેકઅપ કરાવી મંડપ મધ્યે આવે છે. !! સરસ કપડાં પહેરેલાં હોય પણ હજુ ભરવાડ સમાજમાં લાજ કાઢી લગ્ન કરે છે તે કુરિવાજ દૂર કરવા આશીર્વાદ લેવા માટે આવે ને સરકાર પાસેથી ૨૫ હજારનું કુંવરબાઈનું મામેરૂ લેવાનું હોય તેમાં ખુલા મોઢે ફોટા પાડવા પૂરતી લાજ ખુલ્લી કરી ફોટા પાડે છે, ને સમૂહ તસવીર બહુ કલરફૂલ જોવા મળે તેમાં ટ્રેડિશન ડ્રેસનો ચાર્મ નિહાળવા મળે છે, અને ભરવાડ સમાજ હુડો રાસ રમવાના શોખીન હોવાથી લગ્ન મંડપની બાજુમાં રાસોત્સવ રાખે છે, નામી ગાયક કલાકારને બોલાવીને ઢોલ, સંગીતનાં તાલે હુડો રાસ રમતી બહેનો, ભાઈઓની મોજ એર હોય છે. ! હાથની થાપીઓ સામ સામી આપે ને તેનો અવાજ દિલમાં આનંદની ઊર્મિઓ જન્મે છે, એક હરોળમાં ઊભા રહી હુડો રાસ રમાય છે. આવો અનેરો અવસર મોરબી જિલ્લાનાં વાંકાનેર ખાતે મચ્છુ માતાજીનાં આંગણે તારીખ ૭/૨/૨૦૨૫ના ગોપાલક સમાજની ૫૮ દીકરીઓએ પ્રભુતામાં પગલાં પાડેલ, આ ૧૪માં ગોપાલક સમાજનાં સમૂહ લગ્નમાં ગુર્જર વસુંધરાની લોક સંસ્કૃતિની ઝાંખી જોવા મળેલ.હાથમાં ડાંગ લઈ ગાયોના ધણને હંકારતા, ટોળામાંથી આઘા પાછા થતાં વાછરડાઓને લલકારતા તથા ડાંગ વડે તેમને એકબાજુ કરી વારતા, એવા સીમ સીમાડાઓની વાટે ઉપરથી પસાર થતાં ભરવાડોને કોણે નહીં જોયા હોય ? અથવા વહેલી સવારમાં ઉનના દોરડાવાળી કાવડમાં આજુબાજુ દુધના બોઘડાં ટાંગી નજીકના શહેરોની હોટલોમાં દૂધ વેચવા જતા ભરવાડો કોણે નહીં જોયા હોય ? જોકે ઘણાએ તેઓને જોયા તો હશે પરંતુ ગુજરાતમાં બહારથી અનેક જાતિઓ આવી. આવનાર જાતિઓ અહીં સ્થિર રહી. એટલું જ નહી, પણ સ્થાનિક સાથે ભળી જવાની પ્રક્રિયા પણ જોરદાર થઈ હોય એમ જણાય છે. આજે આપણે જેમને ભરવાડ નામથી સંબોધીએ છે તે પ્રકારનું નામ પ્રાચીનકાળમાં કયાંય જડતું નથી. પ્રાચીનકાળમાં ચાર વર્ણો હતા. પોતપોતાના ગુણકર્મ પ્રમાણે જુદી–જુદી જાતિઓ વર્ણ વ્યવસ્થામાં ગોઠવાઈ જતી. ખેતી અને ગોપાલન કરનારી વૈશ્યજાતિઓમાં 'આભીર' નામની વૈશ્ય પ્રજા અપભ્રંશ ભાષા બોલતી. 'ભરવાડો' એટલે પશુ સાથે ભ્રમણ કરીને આજીવિકા મેળવનાર અથવા પશુપાલનનો વ્યવસાય કરતી કોમ, વ્યવસાયને કારણે આભીર પ્રજા ગોપાલ જે ગોપાલક તરીકે પ્રસિદ્ધ પામી છે તો ભરવાડ પ્રજા પણ બીજા વર્ણોની જેમ આભીરોમાં પણ પ્રદેશ કે વ્યવસાય પ્રમાણે નવમી સદીમાં જ્ઞાતિઓ પડી હોય એમ લાગે છે. (આભીર એ સંસ્કૃત શબ્દ છે. આભીર– આહીર) જેમ કે સોરઠમાં રહ્યા એ 'સોરઠીયા', મચ્છુકાંડના 'મછોયા', પંચાળના 'પંચોળી', વાગડના 'વાગડીયા, નાઘેરના 'નાઘેર', મરૂ પ્રદેશના 'મારૂ', અથવા 'મારવાડી', એ જ રીતે ભઢ પ્રદેશના 'ભારૂ' અથવા 'ભરવાડી' કે 'ભરવાડ', આમ, ભરવાડ સમાજ સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાં પથરાયેલો છે. સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ, વઢવાણિયા, વાંકાનેરિયા, રાજકોટ, ગોંડલિયા અને જામનગર, હાલારના દસ પરગણા : છે. જુનાગઢના સાત, અમરેલીના તેર, ભાવનગરના છ પરગણાઓ છે. શ્રીકૃષ્ણ ભગવાન નંદબાબાના પરિવારમાં ઉછરેલા તેમની જ આ બધી શાખાઓ છે.

**સંકલન : પ્રતાપભાઈ ખુમાણ**
**સાવરકુંડલા**
**ફોટો કર્ટસી : ભાટી એન.**

### અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા દ્વારા નિર્ણય

## સાવરકુંડલાનાં અનિરૂધ્ધસિંહ વાજા રાઠોડને ટ્રસ્ટનાં કન્વીનરની જવાબદારી

### ક્ષત્રિય સમાજનાં ઉત્કર્ષ માટે સોંપાઈ જવાબદારી



સાવરકુંડલા, તા. ૧૫

તાજેતરમાં અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા ટ્રસ્ટની મહત્વની બેઠક મળી હતી. જેમાં ટ્રસ્ટનાં કન્વીનર પદે સાવરકુંડલાનાં અનિરૂધ્ધ લાભ રાઠોડની નિમણૂંક કરવામાં આવી છે.

આ બેઠકમાં કાર્યકારી પ્રમુખ બહાદુર સિંહ પરમાર, પ્રદેશ મહામંત્રી અનિલસિંહ ભદૌરિયા, રાજય ઉપપ્રમુખ અનુપસિંહ વાઘેલા સહિતનાં આગેવાનોએ ઉપસ્થિત રહી સમંતી આપી હતી.




## સિંચાઈ વિભાગનાં અધિકારીઓને કચેરી બહાર નીકળવામાં આવે છે શરમ

# ઠેબી જળાશય નજીક આડેધડ ખોદકામથી સૌ આશ્ચર્યચકિત

- થોડા દિવસ પહેલા વ્હેલી સવારથી જેસીબી, લોડર દ્વારા વડે મનફાવે તે રીતે ભાંગતોડ કરવામાં આવી
- જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થયેલ કામગીરી કયાં પ્રકારની હતી તેની કોઈને જાણકારી નથી
- ઠેકઠેકાણે માટીનાં ઢગલાઓ છતાં પણ અધિકારીને ખબર નથી કે જળાશયના પટાંગણની શું હાલત છે
- મહાકાય જળાશયની જવાબદારી એક રોજમદાર કર્મચારીની હોય તેવું લાગી રહ્યું છે



અમરેલી, તા. ૧૫

અમરેલીનાં પાદરમાં આવેલ અને જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચથી તૈયાર થયેલ ઠેબી જળાશયની જાળ વણીમાં સિંચાઈ વિભાગની ગંભીર બેદરકારી ઉડીને આંખે વળગી રહી છે. થોડા દિવસો પહેલા વ્હેલી સવારથી જેસીબી અને લોડર વડે મનફાવે ત્યાં ખોદકામ કરવામાં આવ્યા બાદ ઠેકઠેકાણે માટીનાં ઢગલા જોવા મળી રહ્યા છે. તો વર્ષો પુરાણા માર્ગ ઉપર પણ

અનુસંધાન પાના ૬ ઉપર

### ગાંધીનાં ગુજરાતમાં દારૂ પકડાવાની ઘટના રોજિંદી બની

## અમરેલીનાં જેશીંગપરામાં આવેલ રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની ૪૨૦ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૧૫

અમરેલીના જેશીંગપરા શેરી નં. ૫માં આવેલ એક રહેણાંક મકાનમાંથી અલગ–અલગ બ્રાંડની ભારતીય બનાવટની વિદેશી દારૂ છુપાવ્યો હોવા અંગેની બાતમી અમરેલી સીટી પી.આઈ.ને મળતા સીટી પોલીસે દરોડો પાડી વિદેશી દારૂની બોટલ નંગ–૪૨૦ કિંમત રૂપિયા ૨,૮૩,૯૦૮નો મુદ્દામાલ અમરેલી સીટી પોલીસ ટીમ પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર






### સીસીટીવી કેમેરામાં દ્રશ્ય કેદ થયું

## લ્યો બોલો : ખાંભાનાં ભાડ ગામે શિકારની શોધમાં અર્ધો ડઝન સિંહોનું આગમન



તસ્વીર : ભાવીક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૫

ખાંભા તાલુકાના ભાડ ગામની મીતીયાળા બોડર નજીક આવેલું ગામ છે. ત્યારે અવાર નવાર સિંહો શિકાર અર્થે ભાટ ગામના રહેણાંક વિસ્તારમાં લટાર મારતા

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)